શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

[ટ્રસ્ટ રજિ. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા.૩૧-૧-૮૭]

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. **CIT/GNR/80G(5)/MHN-48/2004-2005 : Valid up to 31-3-2008**]

Visit us at
www.vaishnavparivar.org

ચિત્રો

શ્રી વિમળાબેન ભાટીયા
અને
શ્રી શ્યામસુંદર પુરોહિત

આટલું જાણી લો

૧. દરેક મહિનાની ૧૫મી તારીખથી ૨૦મી તારીખ સુધીમાં અંક પોસ્ટ થશે.
૨. લવાજમ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. ત્યારબાદ કોઈ સંજોગોમાં સ્વીકારાતું નથી.
૩. તમારો પાવતી નંબર એ જ ગ્રાહક નંબર છે. તે ખાસ નોંધી રાખો. પત્રવ્યવહારમાં તેનો ખાસ ઉલ્લેખ કરવો.
૪. પત્રવ્યવહાર કરો ત્યારે પૂરું નામ-સરનામું અને ગ્રાહક નંબર ખાસ લખવાં.
૫. અંક ન મળ્યાની ફરિયાદ જે-તે મહિનાની છેલ્લી તારીખે જ કરવી. ફોરેનના ગ્રાહકોએ બીજા મહિના-ની પંદરમી તારીખ સુધી રાહ જોવી.
૬. બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે કરવો.
૭. આજીવન લવાજમ સ્વીકારાતું નથી.

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
૩૨, શિવ સોસાયટી; વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા.
ફોન: (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૨૬૩૫૩
ફેકસ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ફોન :(ઓ.) ૨૨૦૬૦૮૫૮,૨૨૦૧૦૦૮૪
(રહે.) ૨૩૬૯૩૮૨૧
ફેક્સ :૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

અંધેરી કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન,
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ.
[ફોન: ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Shri Navnitbhai C. Shah
3, Christy Lane, OCEAN,
NJ - 07712-2604 U.S.A.
[**Tel.**-732-493-9096]

●

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.)
Phone : 269-323-1880

॥ શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ વિજયતે ॥
॥ શ્રીગોકુલનાથ પ્રભુ વિજયતે ॥
॥ શ્રીમદનમોહન પ્રભુ વિજયતે ॥

બાલપુષ્ટિ

[વર્ષ ૨૦૦૭-૨૦૦૮ નું ભેટપુસ્તક]

વર્ષ-૧૩ ● અંક-૭ ● ઓક્ટોબર-૨૦૦૭ ● સળંગ અંક-૧૫૧

● દ્વિતીય, ચતુર્થ અને સપ્તમ ગૃહનાં નિધિસ્વરૂપો ●

શ્રીવિઠ્ઠલનાથજી ● શ્રીગોકુલનાથજી
શ્રીમદનમોહનજી

તંત્રી - સંકલન - લેખન
વસંતબહેન ર. પરીખ

પ્રકાશક
શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

અનુક્રમણિકા

અ. નં. પ્રકરણ પાન નંબર

શ્રીવિઠ્ઠલનાથજી

૧. સ્વરૂપ ધ્યાન ૦૯
૨. શ્રીવિઠ્ઠલનાથજીનો ઈતિહાસ ૦૯
૩. શ્રીવિઠ્ઠલનાથજી - સ્વરૂપ પરિચય ૧૪
૪. દ્વિતીયકુમાર શ્રીગોવિંદરાયજી ૧૮
૫. શ્રીહરિરાય મહાપ્રભુ ૨૧
૬. શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્ ૨૩
૭. શ્રીવિઠ્ઠલનાથજીનું ધોળ ૨૫

શ્રીગોકુલનાથજી

૧. સ્વરૂપ ધ્યાન ૨૭
૨. શ્રીગોકુલનાથજી - સ્વરૂપ પરિચય ૨૭
૩. ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજી ૩૨
૪. શ્રીગોકુલનાથજીનું ધોળ ૩૭
૫. શ્રીગિરિધરાષ્ટકમ્ ૩૭

શ્રીમદનમોહનજી

૧. સ્વરૂપ પરિચય - નામ અને લીલાભાવના,
પ્રાગટ્ય તથા સ્વરૂપ ભાવના ૪૧
૨. શ્રીમદનમોહનજીનો ઈતિહાસ ૪૪
૩. સપ્તમકુમાર શ્રીઘનશ્યામજી ૫૫
૪. શ્રીઘનશ્યામજીની વધાઈ ૫૭
૫. રાસલીલાનાં ધોળ ૫૭
સાત સ્વરૂપનું ધોળ : શ્રી જયંત જી. ગાંધી (જૂનાગઢ) ૬૦

નિધિસ્વરૂપ પરિચય

શ્રીજીબાવાનાં લાડીલાં વ્હાલાં બાળકો,

દીપાવલી અને નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને નૂતન વર્ષના અભિનંદન સાથે જયશ્રીકૃષ્ણ. આ વર્ષે 'બાલપુષ્ટિ'નો આ ૧૫૧મો અંક તમને સૌને ભેટપુસ્તક - વિશેષાંક તરીકે - દિવાળીની ભેટ - તરીકે અપાઈ રહ્યો છે તેનો અતિ આનંદ છે.

'બાલપુષ્ટિ'ના વિશેષાંકો દ્વારા તમને દર વર્ષે પુષ્ટિમાર્ગના નિધિ સ્વરૂપોનો પરિચય કરાવવામાં આવી રહ્યો છે. અગાઉ શ્રીમથુરાનાથજી, શ્રીદ્વારિકાધીશજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીનવનીતપ્રિયજી, શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીકલ્યાણરાયજી અને શ્રીમુકુંદરાયજીનો પરિચય આપતા પુસ્તકો તમે મેળવ્યાં છે. આજે પ્રકાશિત થઈ રહેલું આ પુસ્તક તમને પુષ્ટિમાર્ગના દ્વિતીયગૃહ, ચતુર્થગૃહ અને સપ્તમગૃહનાં નિધિ સ્વરૂપો શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી અને શ્રીમદનમોહનજીનો પરિચય કરાવે છે.

ગયા વર્ષે છઠ્ઠા ઘરના નિધિસ્વરૂપોનો પરિચય આપતું પુસ્તક જ્યારે તમને મોકલાયું ત્યારે કેટલાક બાલમિત્રો તરફથી નિધિસ્વરૂપ એટલે શું? ક્યા સ્વરૂપને નિધિસ્વરૂપ કહેવાય? પુષ્ટિમાર્ગમાં કેટલા નિધિસ્વરૂપો બિરાજે છે? એ બધા ક્યાં બિરાજે છે? એમની સેવા કોણ કરે છે? વગેરે જેવા ઘણા પ્રશ્નો પૂછતા પત્રો મને મળ્યા હતા. આ પત્રો જે પ્રશ્નો લઈને આવ્યા તે જોતાં મને લાગ્યું કે 'નિધિસ્વરૂપો' વિશે થોડી જાણકારી આ પુસ્તકમાં આપીશ તો તમે સૌ 'નિધિસ્વરૂપો'ને વધુ સારી રીતે જાણી - સમજી શકશો.

નિધિ એટલે ખજાનો. આપણે માટે તો પ્રત્યેક ભગવદ્ સ્વરૂપ નિધિસ્વરૂપ છે, છતાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીએ જે સ્વરૂપોની સેવા કરી અને ૮૪-૨૫૨ વૈષ્ણવોને જે સ્વરૂપો સેવ્ય કરી (પુષ્ટ કરી) સેવા માટે પધરાવી આપ્યાં તે સ્વરૂપો પુષ્ટિમાર્ગમાં નિધિસ્વરૂપ તરીકે ઓળખાય છે.

તેમાંયે ખાસ કરીને શ્રીનાથજી તથા શ્રીનવનીતપ્રિયજી અને શ્રીગુસાંઈજીના સાત બાળકોના ઘરમાં બિરાજતા સાત સ્વરૂપોને, જે સ્વરૂપો એ સાતે ઘરના મુખ્ય સ્વરૂપ ગણાય છે, તેમને આપણે નિધિસ્વરૂપ તરીકે ઓળખીએ છીએ. દા.ત. શ્રીગુસાંઈજીએ તેમના પ્રથમ પુત્ર શ્રીગિરિધરજીને શ્રીમથુરાનાથજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી આપ્યું હતું, તેથી શ્રીમથુરાનાથજી પ્રથમ ઘરના નિધિસ્વરૂપ ગણાય છે. તે જ રીતે સાતે બાળકોને પધરાવી આપેલાં સ્વરૂપો સાત ઘરનાં નિધિસ્વરૂપો ગણાય છે.

આ સ્વરૂપો શ્રીમહાપ્રભુજીને ત્યાં કેવી રીતે પધાર્યાં હતાં, તે પણ જાણી લઈએ. શ્રીમહાપ્રભુજીએ ભારત પરિક્રમા કરી ત્યારે આપશ્રીની સાથે શ્રીમુકુંદરાયજીનું સ્વરૂપ બિરાજતું હતું; જે તેમને તેમના પૂર્વજો પાસેથી પ્રાપ્ત થયેલું પ્રાચીન સ્વરૂપ હતું. તે ઉપરાંત શ્રીમહાપ્રભુજી પાસે તેમના સસરા પાસેથી પ્રાપ્ત થયેલ શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ અને સોમયજ્ઞ સમયે શ્રીમહાપ્રભુજીના પૂર્વજ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટને ત્યાં યજ્ઞવેદીમાંથી પ્રગટ થયેલું શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પણ બિરાજતું હતું. શ્રીમહાપ્રભુજી નિત્ય આ સ્વરૂપોની સેવા કરતા.

શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું તે જ દિવસે શ્રીમહાપ્રભુજી પાસે એક બ્રાહ્મણ શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પધરાવીને આવ્યો. તે સ્વરૂપ તેણે શ્રીમહાપ્રભુજીને પધરાવી આપ્યું. આમ કુલ ચાર સ્વરૂપો બિરાજ્યાં.

શ્રીમહાપ્રભુજીએ આગ્રાના ગજનધાવનને શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ સેવા કરવા માટે પધરાવી આપ્યું હતું. કનોજના દામોદરદાસ સંભરવાલાને શ્રીદ્વારિકાધીશનું સ્વરૂપ અને પદ્મનાભદાસજીને મથુરાનાથજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું.

ગજનધાવન અશક્ત થતાં શ્રીનવનીતપ્રિયજીને પધરાવી શ્રીમહાપ્રભુજીને ઘેર આવ્યા. દામોદરદાસનો દીકરો મ્લેચ્છ બની જતાં, દામોદરદાસના ગોલોકવાસ પછી, તેમનાં પત્નીએ કનોજના વૈષ્ણવો દ્વારા શ્રીદ્વારિકાધીશજીને અડેલમાં શ્રીમહાપ્રભુજીને ત્યાં પધરાવ્યા. પદ્મનાભદાસજીના ગોલોકવાસ પછી શ્રીમથુરાનાથજીની સેવા તેમના પુત્રી તુલસાં અને પુત્રવધૂ પાર્વતીએ કરી.

પાર્વતીના પુત્ર રઘુનાથદાસે કરી. ત્યાર પછી શ્રીમથુરાનાથજી શ્રીગુસાંઈજીને ત્યાં પધાર્યા.

તે ઉપરાંત શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજીને શ્રીબાલકૃષ્ણલાલજીનું એક નાનું સ્વરૂપ ખેલવા માટે અને સેવા શીખવા માટે પધરાવી આપ્યું હતું, જે તેમના ઘરમાં જ બિરાજતું હતું.

શ્રીમહાપ્રભુજીએ નારાયણદાસ બ્રહ્મચારીને શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું, આ સ્વરૂપ પણ નારાયણદાસજીના ગોલોકવાસ પછી થોડા સમય બાદ શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યું.

શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઈજીની પાસે સેવામાં આ બધાં સ્વરૂપો બિરાજતાં હતાં. શ્રીનાથજીબાવા જતિપુરામાં ગોવર્ધન પર્વત ઉપર મંદિરમાં બિરાજતા હતા.

સંવત ૧૬૩૫ના અરસામાં શ્રીગુસાંઈજીએ પોતાની પાસે બિરાજતા આ બધાં સ્વરૂપોને પોતાના સાત પુત્રોને, પોતાના અલૌકિક વારસાના સ્વરૂપે પધરાવી આપ્યાં. તેમાં શ્રીગિરિધરજીને શ્રીમથુરાનાથજી, શ્રીગોવિંદરાયજીને શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીબાલકૃષ્ણજીને શ્રીદ્વારિકાનાથજી, શ્રીગોકુલનાથજીને શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજીને શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીયદુનાથજીને શ્રીબાલકૃષ્ણલાલજી અને શ્રીઘનશ્યામજીને શ્રીમદનમોહનજી પધરાવી આપ્યા. તે ઉપરાંત શ્રીગિરિધરજીને પોતાના સેવ્ય શ્રીનાથજી અને શ્રીનવનીતપ્રિયજીની સેવા પણ સોંપી.

શ્રીગુસાંઈજીના સાતે બાળકોએ ગોકુળમાં પોતાનાં શ્રીઠાકોરજીને માટે મંદિરો બનાવી તેમાં આ સ્વરૂપોને પધરાવ્યાં. તેમની સેવા શરૂ કરી. આમ સાત બાળકોનાં સાત ઘર થયાં.

પ્રથમ ઘર સૌથી મોટા પુત્ર શ્રીગિરિધરજીનું ગણાયું. આપશ્રીએ ગોવર્ધન પર્વત ઉપર બિરાજતા શ્રીનાથજીની અને પોતાના ઘરમાં બિરાજતા શ્રીનવનીતપ્રિયજી તથા શ્રીમથુરાનાથજીની સેવા પ્રેમપૂર્વક કરી. શ્રીગુસાંઈજી પછી શ્રીગિરિધરજી લગભગ ૩૫ વર્ષ સુધી પુષ્ટિમાર્ગના આચાર્યપદે બિરાજ્યા. તેમના પછી તેમના પુત્ર શ્રીદામોદરજી શ્રીનાથજીના તિલકાયત થયા.

દ્વિતીય પુત્ર શ્રીગોવિંદરાયજીનું દ્વિતીયગૃહ ગણાયું. તેથી શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ દ્વિતીય ગૃહના નિધિસ્વરૂપ તરીકે પ્રસિદ્ધ થયા. તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીનું તૃતીય ગૃહ અને શ્રીદ્વારિકાધીશ પ્રભુ તૃતીય ગૃહના નિધિસ્વરૂપ, ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીનું ચતુર્થ ગૃહ અને શ્રીગોકુલનાથજી પ્રભુ ચતુર્થ ગૃહના નિધિસ્વરૂપ, પંચમ પુત્ર શ્રીરઘુનાથજીનું પંચમ ગૃહ અને શ્રીગોકુલચંદ્રમાજી પ્રભુ પંચમ ગૃહના નિધિસ્વરૂપ, ષષ્ઠપુત્ર શ્રીયદુનાથજીનું ષષ્ઠ ગૃહ અને શ્રી બાલકૃષ્ણલાલજી ષષ્ઠ નિધિસ્વરૂપ, સપ્તમ પુત્ર શ્રી ઘનશ્યામજીનું સપ્તમ ગૃહ અને શ્રીમદનમોહનજી સપ્તમ નિધિ સ્વરૂપ તરીકે પ્રસિદ્ધ થયા. તદુપરાંત શ્રીકલ્યાણરાયજી અને શ્રીમુકુંદરાયજી ષષ્ઠગૃહમાં ષષ્ઠ નિધિસ્વરૂપ તરીકે બિરાજ્યા. શ્રીનટવરલાલજી પ્રથમ ગૃહમાં બિરાજ્યા. સાતે ઘરોમાં આ બધા સ્વરૂપોની સેવા પોતપોતાના ઘરની પ્રણાલિકા મુજબ, ખૂબ પ્રેમપૂર્વક થતી રહી.

ધીરે ધીરે આ બધા સ્વરૂપો ગોકુળ છોડી અન્યત્ર પધાર્યા. શ્રીનાથજી પણ વ્રજ છોડી મેવાડ પધાર્યા. આજે માત્ર શ્રીગોકુલનાથજી પ્રભુ ગોકુળમાં બિરાજે છે.

શ્રીમથુરાધીશજી કોટામાં, શ્રીવિઠ્ઠલનાથજી નાથદ્વારામાં, શ્રીદ્વારિકાધીશજી કાંકરોલીમાં, શ્રીગોકુલચંદ્રમાજી અને શ્રીમદનમોહનજી કામવનમાં, શ્રીબાલકૃષ્ણજી સુરતમાં બિરાજે છે.

'બાલપુષ્ટિ' ના ભેટપુસ્તક તરીકે અગાઉ અપાયેલા 'રંગીલા શ્રીનાથજી', 'અલબેલા શ્રીનાથજી', 'રાજાધિરાજ શ્રીદ્વારિકાધીશ' 'પ્રથમ નિધિ શ્રી મથુરાનાથજી', 'પંચમ નિધિસ્વરૂપ શ્રી ગોકુલચંદ્રમાજી', 'ષષ્ઠગૃહના નિધિસ્વરૂપો', 'લાડિલા લાલન શ્રીનવનીતપ્રિયજી' વગેરેમાં સુંદર બહુરંગી ચિત્રો સહિત, સરળ ભાષામાં આ બધા નિધિસ્વરૂપોનો પરિચય અને તેમની સેવા કરનાર વૈષ્ણવો તથા પૂ. ગો. આચાર્યોને એ સ્વરૂપના થયેલા અલૌકિક અનુભવોના પ્રસંગો આપવામાં આવ્યા છે.

આજે પ્રકાશિત થઈ રહેલ આ પુસ્તક દ્વિતીય ગૃહ, ચતુર્થ ગૃહ અને સપ્તમ ગૃહના નિધિસ્વરૂપો, અનુક્રમે શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી અને શ્રીમદનમોહનજીનો પરિચય તમને આપશે.

આ પુસ્તકની વિશિષ્ટતા એ છે કે પુષ્ટિમાર્ગમાં જે ત્રણ નિધિસ્વરૂપો શ્રીસ્વામિનીજી સહિત બિરાજે છે એટલે કે યુગલસ્વરૂપે બિરાજે છે તે ત્રણે સ્વરૂપોનો પરિચય આ પુસ્તક આપે છે. શ્રીવિઠ્ઠલનાથજીની સાથે એક સ્વામિનીજી બિરાજે છે. શ્રીગોકુલનાથજી સાથે બે સ્વામિનીજી અને શ્રીમદનમોહનજી સાથે પણ બે સ્વામિનીજી બિરાજે છે.

આશા છે હવે તમને નિધિસ્વરૂપો વિશે જરૂરી સમજ અને જાણકારી મળી હશે. છતાં કોઈ પ્રશ્ન રહે તો જરૂરથી પૂછશો. આ પુસ્તક તમને ગમ્યું કે નહિ તે પણ જણાવશો.

આ ત્રણે સ્વરૂપોનો પરિચય આપતાં સુંદર બહુરંગી ચિત્રજી તૈયાર કરી આપવા માટે ચિત્રકાર શ્રીશ્યામસુંદરજી અને શ્રીવિમલાબેનનો તથા આ પુસ્તકના પ્રકાશન માટે જરૂરી દ્રવ્યસહાય આપનાર મનોરથી વૈષ્ણવોનો આભાર માની વિરમું છું.

ફરીથી દીપાવલિ અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ સાથે સસ્નેહ જયશ્રીકૃષ્ણ.

- વસંતબેન ર. પરીખ.

જીવન તવ દીપભવન હો!



જીવન તવ દીપભવન હો,
પગલે પગલે પ્રભુ-પૂજન હો.

તિમિર ગળે ને તેજપુંજથી,
ધવલ-વિમલ, પરિમલ તવ મન હો.

અંતરકુંજે મુરલી રણકે,
સરસ સુમન ઉર વૃંદાવન હો.



દીપાવલી અને નૂતનવર્ષની અમારી હાર્દિક શુભકામનાઓ
સાથે અમારાં સૌને સસ્નેહ જયશ્રીકૃષ્ણ.



॥ શ્રીવલ્લભ ॥
॥ શ્રી વિઠ્ઠલનાથ પ્રભુ વિજયતે ॥

દ્વિતીય નિધિસ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજી

૧. સ્વરૂપધ્યાન

સર્વાત્મના પ્રપન્નાનાં ગોપીનાં પોષયન્ મનઃ ।
તં વંદે વિઠ્ઠલાધીશં ગૌરશ્યામં પ્રિયાન્વિતમ્ ॥

શબ્દાર્થ :

સર્વાત્મના = પૂર્ણ ભાવ (સ્નેહ) પૂર્વક; **પ્રપન્નાનાં** = શરણે આવેલાં; **ગોપીનાં** = ગોપીજનોનાં; **મનઃ** = મનનું; **પોષયન્** = પોષણ કરનારા; **તં** = તેમને; **વંદે** = હું વંદન કરું છું; **વિઠ્ઠલાધીશં** = શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુને; **ગૌરશ્યામં** = ગૌરશ્યામ; **પ્રિયાન્વિતમ્** = શ્રીસ્વામિનીજી સહિત.

શ્લોકાર્થ :

પૂર્ણ ભાવપૂર્વક શરણે આવેલાં ગોપીજનોનાં મનનું પોષણ કરનારા, શ્રીસ્વામિનીજી સાથે બિરાજતા શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ, જે ગૌરશ્યામ સ્વરૂપના છે તેમને હું વંદન કરું છું.

૨. શ્રીવિઠ્ઠલનાથજીનો ઈતિહાસ

(૧) શ્રીમહાપ્રભુજીને ઘેર પધાર્યા

કાશીથી થોડે દૂર ચરણાદ્રિ નામનો પર્વત છે. તેની તળેટીમાં ચરણાટ નામનું ગામ છે. ગામની ચોમેર સુંદર વનરાજી છે. આ ગામમાં શ્રીમહાપ્રભુજી બિરાજે છે. સાથે આપશ્રીનાં વહુજી શ્રીમહાલક્ષ્મીજી અને પુત્ર શ્રીગોપીનાથજી પણ બિરાજે છે. સંવત ૧૫૭૨ના માગશર વદ નોમના શુભ દિવસે આપશ્રીને ત્યાં આપના દ્વિતીય પુત્રનું પ્રાકટ્ય થયું.



શ્રીગુસાંઈજીનું પ્રાગટ્ય થયું તે દિવસે એક બ્રાહ્મણ ચરણાટમાં
શ્રીમહાપ્રભુજી પાસે શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવીને આવ્યો છે.

આખા ચરણાટ ગામમાં આનંદ છવાઈ ગયો. તે દિવસે દક્ષિણ ભારતના એક બ્રાહ્મણ તીર્થયાત્રા કરતા કરતા ચરણાટમાં શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. તેમની પાસે એક ભગવદ્સ્વરૂપ હતું. તેમણે બે હાથ જોડીને શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'મહારાજ, મને ગંગાજીમાંથી આ ભગવત્સ્વરૂપ પ્રાપ્ત થયું છે. જ્યારે મેં વિનંતી કરી : 'મહારાજ, હું તો વિરક્ત છું. તમારી સેવા કરવા માટે મારી પાસે કોઈ સાધનસંપત્તિ નથી.' ત્યારે આ સ્વરૂપે મને આજ્ઞા કરી: 'મને ચરણાટ લઈ જા. ત્યાં શ્રીવલ્લભાચાર્યજી બિરાજે છે, એમની પાસે મને પધરાવજે.'

'આમ પ્રભુની ઈચ્છા આપને ત્યાં બિરાજવાની હોવાથી તેમની આજ્ઞાથી હું અહીં પધરાવી લાવ્યો છું.'

આમ કહીને બ્રાહ્મણે તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના હસ્તમાં પધરાવ્યું. શ્રીમહાપ્રભુજીએ દર્શન કર્યાં. તે સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથજીનું હતું. આપશ્રી ખૂબ પ્રસન્ન થયા. એમને યાદ આવ્યું કે પોતે જ્યારે પંઢરપુર પધાર્યા હતા ત્યારે ત્યાં બિરાજતા પાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીએ તેમને લગ્ન કરવા માટે આજ્ઞા કરી હતી. તે સમયે શ્રીનાથજીએ પ્રગટ થઈને પણ આજ્ઞા કરી હતી કે આપ લગ્ન કરો. હું આપને ત્યાં પુત્રરૂપે પ્રગટ થઈશ. આમ ભગવદ્ આજ્ઞાથી શ્રીમહાપ્રભુજીએ શ્રીમહાલક્ષ્મીજી સાથે લગ્ન કરેલાં. આ આજ્ઞા યાદ આવતાં શ્રીમહાપ્રભુજીએ આનંદથી કહ્યું: 'બ્રાહ્મણરાજ, આજે શ્રીઠાકોરજી મારે ત્યાં બે સ્વરૂપે પધાર્યા છે. એક તો પુત્રરૂપે અને બીજા આ પ્રભુ સ્વરૂપે. ભક્ત અને ભગવાન બંને સ્વરૂપે પ્રભુ પધાર્યા હોવાથી આજે પ્રગટેલા મારા પુત્રનું નામ હું 'વિઠ્ઠલ' પાડું છું.' આમ કહી તે સ્વરૂપને પધરાવી લીધું અને બ્રાહ્મણનું યથોચિત સન્માન કરી વિદાય કર્યો.

શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપને પોતાની પાસે બિરાજતાં ભગવદ્સ્વરૂપો સાથે સેવામાં પધરાવ્યું.

એક દિવસ શ્રીમહાપ્રભુજી ગંગાજીમાં સ્નાન કરીને બહાર પધાર્યા ત્યારે તેમની જનોઈમાં વીંટળાઈને સ્વામિનીજીનું એક સ્વરૂપ પધાર્યું. આપે આજ્ઞા કરી: 'હમ શ્રી વિઠ્ઠલેશરાયજીકે ઘરકે હૈ સો શ્રીવિઠ્ઠલેશરાયજીકે પાસ



શ્રીવિઠ્ઠલનાથજીનાં સ્વામિનીજીનું પ્રાગટ્ય -
શ્રીમહાપ્રભુજીની જનોઈમાં વીંટળાઈને ગંગાજીમાંથી પધાર્યાં.

બિરાજેંગે.' તેથી શ્રીમહાપ્રભુજીએ શ્રીવિઠ્ઠલનાથજીની બાજુમાં શ્રીસ્વામિનીજીને પધરાવ્યાં.

આજે શ્રીવિઠ્ઠલનાથજી શ્રીસ્વામિનીજી સહિત બિરાજે છે. આ સ્વરૂપ હંમેશા શ્રીમહાપ્રભુજીના વંશમાં જ બિરાજ્યું છે. કોઈ વૈષ્ણવના માથે પધાર્યું નથી. શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઈજીએ તેમની સેવા કરી.

(૨) ચરણાટથી વ્રજમાં

સં. ૧૫૭૨માં ચરણાટમાં શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય થયું. ત્યારબાદ એક બે વર્ષ પછી શ્રીમહાપ્રભુજી પાછા અડેલ પધાર્યા. શ્રીગુસાંઈજીનું બાળપણ અડેલમાં વીત્યું. આપશ્રીનો વિદ્યાભ્યાસ કાશીમાં થયો. શ્રીગુસાંઈજીની ૧૫ વર્ષની ઉંમરે શ્રીમહાપ્રભુજી સં. ૧૫૮૭માં નિત્યલીલામાં પધાર્યા. ત્યાર પછી શ્રીગુસાંઈજીએ પુષ્ટિમાર્ગનું આચાર્યપદ સંભાળ્યું. અડેલમાં બિરાજી, વારંવાર વ્રજમાં પધારી, ગુજરાત પધારી પુષ્ટિમાર્ગના પ્રચાર પ્રસારનું કાર્ય સુપેરે નિભાવ્યું.

અડેલ ઉપર મુસલમાનોના આક્રમણનો ભય વધવાથી આપશ્રી સપરિવાર અડેલ છોડી ગઢા પધાર્યા. ગઢાથી ગઢાના રાણીએ મથુરામાં સિદ્ધ કરાવેલા 'સતઘરા' નામના મકાનમાં બિરાજ્યા. આમ શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીની સાથે અડેલથી મથુરા પધાર્યા.

સંવત ૧૬૨૭માં શ્રીગુસાંઈજીએ ગોકુળમાં નિવાસ કરવાનું નક્કી કર્યું. ગોકુળમાં રાજા ઠાકુરના મંદિરનું નિર્માણ કરી સપરિવાર ત્યાં સ્થિરવાસ કરીને બિરાજ્યા. પોતાના બધા સેવ્યસ્વરૂપોને અહીં પધરાવ્યા. શ્રીગુસાંઈજીને સાત પુત્રો હતા. પોતાની પાછલી અવસ્થામાં સાતેય પુત્રોના ભાગ વહેંચ્યા ત્યારે આપશ્રીએ સેવા માટે સૌને પ્રભુનું એકએક અલૌકિક સ્વરૂપ પધરાવી આપ્યું. ત્યારે આ શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ શ્રીસ્વામિનીજી સહિત પોતાના બીજા પુત્ર શ્રીગોવિંદરાયજીને પધરાવી આપ્યું.

શ્રીગોવિંદરાયજીએ ગોકુળમાં જશોદા ઘાટ જવાના રસ્તે, આજે જ્યાં શ્રીહરિરાયજીની બેઠક છે ત્યાં, પ્રભુને બિરાજવા માટે નવું મંદિર બનાવી તેમાં પધરાવ્યા. શ્રીગોવિંદરાયજી પણ શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરતા આ જ સ્થાનમાં

બિરાજ્યા. તેમના પુત્ર શ્રીકલ્યાણરાયજી થયા. શ્રીકલ્યાણરાયજીએ પણ આ જ સ્થાનમાં બિરાજી શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરી.

શ્રીકલ્યાણરાયજીના પુત્ર શ્રીહરિરાયજી થયા. તેઓશ્રી ત્રિકાળજ્ઞાની હતા. તેઓએ જાણ્યું કે નજીકના ભવિષ્યમાં મુસ્લિમોનું આક્રમણ વ્રજ ઉપર વધતું જશે. ત્યારે તેમણે શ્રીઠાકોરજીને વ્રજ-ગોકુળ છોડી અન્યત્ર પધરાવવાનો વિચાર કર્યો.

(૩) વ્રજમાંથી મેવાડ પધાર્યા

શ્રીહરિરાયજીએ તે માટે રાજસ્થાનના મેવાડમાં હલ્દીઘાટી પાસે આવેલા ખીમનૌર ગામને પસંદ કર્યું. અહીં શ્રીવિઠ્ઠલનાથજી માટે મંદિર સિદ્ધ કરાવી, પોતે સં. ૧૭૨૫માં ગોકુલ છોડી સપરિવાર ખીમનૌરમાં આવીને બિરાજ્યા.

વિ. સં. ૧૭૨૭માં શ્રીનાથજીબાવા મેવાડમાં નાથદ્વારા પધાર્યા ત્યારે શ્રીહરિરાયજીએ શ્રીનાથજીના મંદિરની નજીકમાં પ્રીતમપોળની બાજુમાં એક વિશાળ ભવ્ય મંદિરનું નિર્માણ કરાવી, તેમાં શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવ્યા. ત્યારથી શ્રીવિઠ્ઠલનાથજી શ્રીનાથદ્વારામાં બિરાજે છે. દ્વિતીયગૃહાધીશ પૂ. ગો. શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી આપની સેવા કરે છે. આમ આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના વંશમાં જ અદ્યાપિપર્યંત સેવાઈ રહ્યું છે.

૩. શ્રીવિઠ્ઠલનાથજી : સ્વરૂપ પરિચય

લીલા ભાવના

રાસલીલા વખતે વેણુનાદ સાંભળીને વૃંદાવનમાં ગોપીજનો દોડી આવ્યાં, ત્યારે શ્રીઠાકોરજી તેમની કેડ ઉપર બે હસ્ત મૂકી ગોપીજનોની સામે ઊભા રહ્યા.

'તમે આ ઘોર રાતે કેમ આવ્યાં છો?' શ્રીઠાકોરજીએ પ્રશ્ન પૂછ્યો.

'અમે બધું જ છોડીને આવ્યાં છીએ. માત્ર તમારે માટે જ અમને પૂર્ણ પ્રેમ છે.' જવાબમાં ગોપીજનોએ કહ્યું.

આથી શ્રીઠાકોરજી પ્રેમવિવશ થયા. ત્યારે શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની બાજુમાં ઊભા રહી, શ્રીઠાકોરજીને પ્રેમથી નિરખી રહ્યાં હતાં.



શ્રીવિઠ્ઠલનાથજી - હોળીખેલનાં દર્શન
શ્રીવિઠ્ઠલનાથજી મંદિર, નાથદ્વારા

રાસ શરૂ થતાં ગોપીજનોને મદ થયો કે અમારા જેવું નસીબદાર બીજું કોઈ નથી. આથી શ્રીઠાકોરજી અપ્રસન્ન થયા. પ્રેમવિવશ હોવાથી કેડ ઉપર બે હસ્ત ટેકવી ક્ષણભર જોઈ રહ્યા. પછી ગોપીજનોની વચ્ચેથી શ્રીયમુનાજી સાથે અંતર્ધ્યાન થઈ ગયા.

આમ જેમણે રાસ સમયે વેણુનાદ સાંભળી આવેલાં ગોપીજનો સાથે સંવાદ કર્યો તે સ્વરૂપ તે શ્રીવિઠ્ઠલનાથજી. શ્રીમદ્ ભાગવતના દસમ સ્કંધના તામસ ફળ પ્રકરણના દ્વિતીય અધ્યાયમાં આ લીલા વર્ણવાયેલી છે.

સ્વરૂપભાવના

શ્રીઠાકોરજી શ્યામ છે. શ્રીસ્વામિનીજી ગૌર છે. શ્રીસ્વામિનીજીના સ્નેહથી પ્રેમવિવશ થતાં શ્રીઠાકોરજી અડધા ગૌર બની ગયા. તેથી આ સ્વરૂપ મસ્તકથી કેડ સુધી શ્યામ છે અને કેડથી ચરણ સુધી ગૌર છે. આમ આ સ્વરૂપ કિશોરભાવની પ્રેમવિવશ લીલાનું સ્વરૂપ છે.

બે શ્રીહસ્ત કેડ ઉપર ટેકવેલા છે. ડાબા હસ્તમાં સછિદ્ર શંખ અને જમણા હસ્તમાં કમળ છે. બંને ચરણ સીધાં છે. શ્રીમસ્તકે કિરીટ મુકુટ ધરેલો છે. એક ચરણમાં નુપૂર ધરેલાં છે, બીજા ચરણમાં આભૂષણ ધરેલું નથી. એક જ નુપૂર પ્રભુનું વિરુદ્ધધર્માશ્રયત્વ સૂચવે છે.

સાથે શ્રીયમુનાજી બિરાજે છે. તેઓ શ્રીઠાકોરજીનાં ચોથાં સ્વામિની છે. તેમના બંને હસ્તમાં કમળ છે.

નાથદ્વારામાં વૈષ્ણવો તેમને ‘લાડિલેલાલ’ તરીકે સંબોધે છે.

નામપરિચય

‘વિઠ્ઠલ’ શબ્દ ત્રણ શબ્દોનો બનેલો છે. તેનો અર્થ અજ્ઞાન દૂર કરી જ્ઞાન આપનાર એવો થાય છે. વિદ્ + ઠ + લ. વિદ્ = જ્ઞાન, ઠ = અજ્ઞાન, લ = લઈ જાય છે. જે ભક્તોને માયારૂપી અજ્ઞાનમાંથી પોતાના સ્વરૂપના જ્ઞાન તરફ લઈ જાય છે, તે શ્રીવિઠ્ઠલનાથજી.



શ્રીવિઠ્ઠલનાથજીની ઉષ્ણકાલીન સેવા
શ્રીવિઠ્ઠલનાથજી મંદિર, નાથદ્વારા

સ્વરૂપપદ

શ્રીદ્વારકેશજી મહારાજ નીચેના પદમાં તેમનું સ્વરૂપ સમજાવે છે.

દેખ્યો અદ્‌ભુત રૂપ સખી રી સુરસૂતાકે સાથ ।
વિવશ ભયે દેખિ હરિ સુંદર કટિ પર રહિ ગયે દોઉ હાથ ॥૧॥
તાતેં ગૌર ચિત્ર શ્યામલ તન, ઉપમા કહત ન આવે ગાથ ।
‘દ્વારકેશ’ પ્રભુ યહ વિધિ દેખિ, મૈં તો કરિ લિયો જન્મ સનાથ ॥૨॥

મિત્રો, નાથદ્વારા જાઓ ત્યારે શ્રીવિઠ્ઠલનાથજીનાં દર્શન કરવા જરૂર જશો.

સરનામું : શ્રીવિઠ્ઠલનાથજી મંદિર, પ્રીતમ પોળ, નાથદ્વારા (રાજસ્થાન)

૪. શ્રીગુસાંઈજીના દ્વિતીયકુમાર શ્રીગોવિંદરાયજી

શ્રી વિઠ્ઠલનાથ ગૃહ આજ વધાઈ ।
પ્રકટે શ્રીગોવિંદ વિધુ ભુવિ પર ભક્તનકે સંતત સુખદાઈ ॥૧॥
અતિ બડભાગ્ય રુકિમની મૈયા સુમુખ દેખત હી સુખ પાઈ ।
શ્રીવલ્લભનંદ મન મોદ બઢ્યો અતિ, દેત દ્વિજન બહુ ગાઈ ॥૨॥
ઘરઘર બાંધી બંદનમાલા ઔર મોતીન ચોક પૂરાઈ ।
નાચત ગાવત કરત કુલાહલ વલ્લભદાસ દેખ બલ જાઈ ॥૩॥

શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજી. તેમનું પ્રાગટ્ય વિ. સં. ૧૫૯૯ના કારતક વદ આઠમના રોજ અડેલમાં થયું હતું. તેમને ઘરમાં સૌ ‘રાજાજી’ના લાડકા નામથી બોલાવતાં.

તેમનું બાળપણ અડેલમાં વીત્યું. શ્રીગુસાંઈજીએ અઢારમા વર્ષે તેમનાં લગ્ન લીધાં. લગ્નના દિવસે આખા ગોકુળમાં આનંદ આનંદ વર્તાતો હતો. સાંજે ગોરજ ટાણે લગ્નનું મુહૂર્ત હતું. વરઘોડાની તૈયારી થઈ ગઈ હતી પણ વરરાજા તો ઉદાસ મુખે બિરાજી રહ્યા હતા. તૈયાર થતા ન હતા. શ્રીગુસાંઈજીએ કારણ પૂછતાં કહ્યું: ‘કાકાજી, આપે કહ્યું છે કે ભગવત્ સેવા માટે લગ્ન કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો છે, પરંતુ આજે લગ્નના મુહૂર્તના કારણે મારા ભાગે આવેલી શ્રીપ્રભુની ઉત્થાપનની સેવા મારે છોડવી પડશે. તેનું મને ભારે દુઃખ છે.’



શ્રીગુસાંઈજીના દ્વિતીયકુમાર શ્રીગોવિંદરાયજી

શ્રીગોવિંદરાયજીનો ભગવદ્ સેવા માટેનો આવો પ્રેમ અને વ્યાકુળતા જોઈ શ્રીગુસાંઈજી બહુ પ્રસન્ન થયા. કહે છે : 'બાવા, તમને ધન્ય છે. સ્નાન કરીને સેવામાં પધારો. લગ્નનું મુહૂર્ત નહિ સચવાય તો બીજું મુહૂર્ત કઢાવીશું. નિશ્ચિંત બનીને આપ ઉત્થાપનની સેવા પહોંચો.'

તે દિવસથી શ્રીગુસાંઈજીના ઘરમાં સર્વ માંગલિક પ્રસંગોના મુહૂર્ત સેવાના અનોસરના સમયમાં રાખવામાં આવતા.

શ્રીગોવિંદરાયજીનાં લગ્ન શ્રીરાણી વહુજી સાથે થયાં. આપશ્રીને ઘેર ચાર પુત્રોનું પ્રાકટ્ય થયું. પ્રથમ પુત્ર શ્રીકલ્યાણરાયજી પ્રગટ્યા. શ્રીગુસાંઈજીના એ પ્રથમ પૌત્ર હતા. શ્રીજીબાવાએ અત્યંત પ્રસન્નતાથી આજ્ઞા કરી : 'કાકાજી, ગોવિંદકે ઘર કલ્યાન'

શ્રીજીબાવાએ કલ્યાણરાયજીના પ્રાગટ્યની વધાઈમાં શ્રીગુસાંઈજી પાસે સોનાનાં નુપૂર માગ્યાં. શ્રીગુસાંઈજીએ નુપૂર સિદ્ધ કરાવી, તેના ઉપર 'ગોવિંદ' નામ કોતરાવ્યું. એ નુપૂર શ્રીગોવિંદરાયજીના જન્મદિવસે પ્રતિવર્ષ શ્રીનાથજી ધરે છે. કલ્યાણરાયજી ઉપરાંત શ્રીગોકુલોત્સવજી, શ્રીકૃષ્ણરાયજી, શ્રીલક્ષ્મીનરસિંહજી એમ ત્રણ પુત્રો અને શ્રીરુક્મિણીજી અને રામકુંવરજી નામનાં બે બેટીજીનું પ્રાગટ્ય પણ તેમને ત્યાં થયું.

શ્રીગુસાંઈજીએ જ્યારે બધા પુત્રોને સેવા માટે એક-એક સ્વરૂપ પધરાવી આપ્યું ત્યારે શ્રીગોવિંદરાયજીને શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. આપશ્રીએ ગોકુળમાં મંદિર બનાવી તેમાં શ્રીવિઠ્ઠલનાથજીને પધરાવી જીવનભર તેમની સેવા કરી. આપશ્રીનું રચેલું શ્રીવિઠ્ઠલેશાષ્ટક પ્રસિદ્ધ છે. આપશ્રી ૫૧ વર્ષ ભૂતળ ઉપર બિરાજ્યા. વિ. સં. ૧૬૫૦માં લીલામાં પધાર્યા.

આપશ્રી પછી શ્રીકલ્યાણરાયજીએ અને તેમના પછી શ્રીહરિરાયજીએ શ્રીવિઠ્ઠલનાથજીની સેવા કરી. શ્રીકલ્યાણરાયજી પણ સેવાના આગ્રહી હતા. શ્રીઠાકોરજીને છોડીને, વ્રજ છોડીને ક્યાંય જવાનું તેમને મન ન હતું. તેથી જ જ્યારે શ્રીમહાપ્રભુજીના ભાઈ સંન્યાસી કેશવપુરીજી પોતાના મઠના ઉત્તરાધિકારી તરીકે શ્રીગુસાંઈજી પાસે એક પુત્રને માગવા માટે આવ્યા ત્યારે તેમણે ગાયું : *'હોં વ્રજ માગનો જુ વ્રજ તજ અનત ન જાઉં.'*

પ્રભુના કૃપાપાત્ર અને સેવા પરાયણ એવા આ બંને પિતા-પુત્રને આપણા કોટિ કોટિ વંદન.

૫. શ્રીહરિરાય મહાપ્રભુ

શ્રીકલ્યાણરાય ઘર પ્રગટે શ્રીહરિરાય મહારસરૂપ ।
અશ્વિન કૃષ્ણ પંચમી શુભ દિન રસિકરાય ભયે આનંદરૂપ ॥૧॥
બાજત મંગલચાર વધાઈ ઝાંઝ મૃદંગ ઢોલ સહનાઈ ।
નરનારી સબ નિર્તત આઈ ગાવત ગીત આનંદ વધાઈ ॥૨॥
સુની ધાયે દ્વિજ ગણિક ગુણીજન દ્વાર ભઈ અતિ ભીર ।
દેત સબનકે મન પૂરણ કરકે ગોધન ભૂષણ ચીર ॥૩॥
દેત અસિસ ચલે ઘર ઘર પ્રતિ સદા જિયો યહ બાલ ।
રસિકદાસકો શરણ રાખિયે મેટિયે ભવ જંજાલ ॥૪॥

શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ, શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીના પુત્ર શ્રીકલ્યાણરાયજીને ત્યાં વિ. સં. ૧૬૪૭માં શ્રીહરિરાયજીનું પ્રાગટ્ય થયું. એ દિવસ હતો ભાદરવા વદ પાંચમનો. સ્થળ હતું શ્રીમદ્ ગોકુલ. તેમનાં માતુશ્રીનું નામ શ્રીજમુના વહુજી. આજે પણ ગોકુલમાં શ્રીહરિરાયજીનાં બેઠકજી બિરાજે છે.

તેમણે શ્રીવિઠ્ઠલનાથજીને ગોકુલથી નાથદ્વારા સુધી પધરાવ્યા. તેઓ નાથદ્વારામાં શ્રીવિઠ્ઠલનાથજીના મંદિરમાં બિરાજતા. શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુની પ્રેમપૂર્વક સેવા કરતા. નિત્ય સાંજે મંદિરમાં ભગવદ્વાર્તા કરતા. વૈષ્ણવો મોડી રાત સુધી એ સાંભળવા રોકાતા. તેમને વૈષ્ણવો ઉપર ઘણો પ્રેમ હતો. વૈષ્ણવોના મંડળની મધ્યમાં નાચતા શ્રીજીબાવાનાં દર્શન કરી તેમણે ગાયું હતું. *'હોં વારી ઈન વલ્લભીયન પર. મેરે તનકો કરોં બીછોના શીશ ધરું ઈનકે ચરનન તર.'*

શ્રીહરિરાયજીને શ્રીગોકુલનાથજીએ બ્રહ્મસંબંધ આપેલું. તેમને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીગોકુલનાથજી ઉપર ભરપૂર ભાવ હતો.



શ્રી હરિરાય મહાપ્રભુ

તેમણે વિ. સં. ૧૭૨૫માં ગોકુલથી રાજસ્થાનમાં ખીમનૌર આવી વસવાટ કર્યો હતો. તેમના જીવનમાં ઘણા અલૌકિક પ્રસંગો બન્યા છે. શ્રીનાથજીબાવા તેમને સાનુભાવ જતાવતા.

તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીનાં વહુજીએ લીલાપ્રવેશ કરતાં, શ્રીગોપેશ્વરજીને આશ્વાસન આપવા તેમણે ૪૧ પત્રો લખ્યા હતા, જે ‘શિક્ષાપત્ર’ નામે પ્રસિદ્ધ છે. આજે વૈષ્ણવોમાં શ્રીહરિરાયજી ‘શિક્ષાપત્રોના કર્તા’ તરીકે જાણીતા છે. આ પત્રો આજે પણ વૈષ્ણવોને વૈષ્ણવી જીવન જીવવાનું અજોડ માર્ગદર્શન આપે છે.

સંસ્કૃત ભાષામાં તેમણે ૧૫૬ જેટલા ગ્રંથો અને વ્રજભાષામાં ૯૪ જેટલા ગ્રંથો ઉપરાંત અનેક પદો રચ્યાં છે. ગુજરાતી, પંજાબી, મારવાડી ભાષામાં પણ તેમની રચનાઓ મળે છે. સંપ્રદાયમાં એક પણ વિષય એવો નથી જેના ઉપર તેમણે કોઈ ગ્રંથરચના ન કરી હોય. શ્રીમહાપ્રભુજીની જેમ તેમને પણ શ્રીહરિરાય મહાપ્રભુ તરીકે ઓળખવામાં આવે છે.

તેમનાં વહુજીનું નામ સુંદરવંતાં વહુજી હતું. તેમણે પણ વ્રજભાષા અને ગુજરાતીમાં ઘણાં પદો રચ્યાં છે. શ્રીહરિરાયજી ભૂતળ ઉપર લગભગ ૧૨૦ વર્ષ સુધી બિરાજ્યા હતા. તેમની બેઠકો ગોકુલ ઉપરાંત નાથદ્વારામાં વિઠ્ઠલનાથજીના મંદિરમાં, ખીમનૌરમાં, જેસલમેરમાં અને ગુજરાતમાં ડાકોર, સાવલી અને જંબુસરમાં છે.

૬. શ્રીવિઠ્ઠલેશાષ્ટકમ્

(રચના : શ્રીહરિરાયજી)

સ્વામિની ભાવગૌરસ્ય સ્વસ્વરૂપં પ્રપશ્યતઃ ।
કટાક્ષૈર્વિઠ્ઠલેશસ્ય શ્યામતાચિત્રિતં વપુઃ ।।૧।।

શ્રીસ્વામિનીજીના ભાવથી ગૌર, કટાક્ષોથી પોતાના સ્વરૂપને નિરખતા શ્રીવિઠ્ઠલનાથજીનું શ્રીઅંગ શ્યામલતાથી સુંદર લાગે છે. (૧)

स्वस्मिन्नुभयभावेन स्वेषामुभयरूपताम् ।
સ્પષ્ટં બોધયિતું ગૌરશ્યામઃ શ્રીવિઠ્ઠલેશ્વરઃ ॥૨॥

પોતાનામાં શ્રીસ્વામિનીજી સ્વરૂપ અને પોતાના સ્વરૂપનો ઉભય ભાવ હોવાથી, પોતાના ભક્તોમાં પણ આ બંને સ્વરૂપો છે તેવો ભાવ સ્પષ્ટ કરવા માટે શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ ગૌરશ્યામ છે. (૨)

નિજાચાર્યોદિત સ્વીયમાર્ગ સેવ્યસ્વરૂપતામ્ ।
બોધયન્નુભયાત્માયં ગૌરશ્યામો વિરાજતે ॥૩॥

પોતાના આચાર્યજીએ કહેલા પોતાના માર્ગના સેવ્ય સ્વરૂપનો બંને સ્વરૂપે બોધ કરાવતા શ્રીવિઠ્ઠલનાથજી ગૌરશ્યામ સ્વરૂપે બિરાજે છે. (૩)

રસસ્ય દ્વિવિધસ્યાપિ સ્વરૂપે બોધયન્ સ્થિતિમ્ ।
ઐક્યં વિરુદ્ધધર્મત્વાદ્ ગૌરશ્યામઃ કૃપાનિધિઃ ॥૪॥

સંયોગ અને વિપ્રયોગ - એવા બે પ્રકારના રસનો પોતાના સ્વરૂપમાં બોધ કરાવતા પ્રભુ વિરુદ્ધધર્માશ્રયી હોવાથી, પોતાનું અને શ્રીસ્વામિનીજીનું ઐક્ય છે એમ સૂચવવા, એ કૃપાનિધિ ગૌરશ્યામ છે. (૪)

સ્ત્રી ભાવભગવદ્ભાવોભયાત્મેતિ વિબોધિતુમ્ ।
સ્વસ્વરૂપં હરિર્ગૌરશ્યામઃ વિઠ્ઠલેશ્વરઃ ॥૫॥

સ્ત્રીભાવ (સ્વામિનીભાવ) અને ભગવદ્ભાવ એ બંને આપનાં સ્વરૂપ છે, એમ પોતાના સ્વરૂપથી જણાવવા શ્રીવિઠ્ઠલનાથજી ગૌરશ્યામ છે. (૫)

ભાવાત્મકત્વતો દૃષ્ટિહાસાધરકૃતિસ્તથા ।
અતો વિલીકમતે ગૌરશ્યામઃ શ્રીવિઠ્ઠલેશ્વરઃ ॥૬॥

ભાવાત્મકતાથી નીચી દૃષ્ટિ હોવાથી અને અધર ઉપર હાસ્ય હોવાથી શ્રીવિઠ્ઠલનાથજી ગૌરશ્યામ છે. (૬)

નિજાનંદપ્રદાનેન વ્યવધાનં દિવાનિશમ્ ।
ન કરોતિ વ્રજસ્થાનામિતિ શ્રીમત્પ્રભુસ્તથા ॥૭॥

રાતદિવસ વ્રજભક્તોને નિજાનંદનું દાન કરતાં, કોઈ પ્રતિબંધ રહેવા દેતા નથી, તેથી શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુ ગૌરશ્યામ છે. (૭)

સર્વાત્મકામભાવાત્મસ્વરૂપં બોધયન્પ્રભુઃ ।
શ્રીવિઠ્ઠલેશ્વરોઽસ્માકં ગૌરશ્યામો વિરાજતે ॥૮॥

સર્વાત્મભાવ અને કામભાવ બંને પોતાના સ્વરૂપમાં છે એમ જણાવવા અમારા પ્રભુ શ્રીવિઠ્ઠલનાથજી ગૌરશ્યામ સ્વરૂપે બિરાજે છે. (૮)

૭. શ્રીવિઠ્ઠલનાથજીનું ધોળ

રસિયો રસે ભર્યો રે, વ્હાલો મારો વિઠ્ઠલવર વરણાગી રે,
વ્રજવનિતાએ વર્યો રે, એની છબી ઉપર લેહ લાગી રે. (૧)
નાગર નંદતણો રે, નટવર નાચે ને ગીત ગાય રે,
વ્હાલો લાગે ઘણો રે, પ્યારો પરાણે ઉપજાવે પ્રીત રે. (૨)
સુંદર શામળો રે, મારા હૈયા કેરો હાર રે,
પ્રીતમ પાતળો રે, એહ તો પ્રાણજીવન આધાર રે. (૩)
લાગે વ્હાલો મીઠડો રે, રસિયો રાસ રમણનો ભોગી રે,
વલ્લભ પ્રભુ દીઠડો રે, એથી રહિએ સદા સંજોગી રે. (૪)

■



ચતુર્થ નિધિ સ્વરૂપ શ્રીગોકુલનાથજી

॥ શ્રીગોકુલેશો જયતિ ॥

ચતુર્થ નિધિ સ્વરૂપ શ્રીગોકુલનાથજી

૧. સ્વરૂપધ્યાન

શ્રીગોકુલજન - જીવનમૂર્તિઃ શ્રીગોકુલાધીશઃ ।
સ્વીયત્વાંગીકરણે મામપિ દીનં નિવેશયતુ ॥

શ્રીગોકુલવાસીઓના જીવનસ્વરૂપ, શ્રીગોકુલના સ્વામી (શ્રીગોકુલનાથજી) પોતાનો જાણી મારો દીનનો સ્વીકાર કરો. આપની સેવામાં મને રાખો.

પાર્શ્વ-દ્વય-સ્થિતસ્વીયપ્રિયા - ભુજલતા - શ્રયમ્ ।
તમાલશ્યામતનું ગોકુલેશમહં ભજે ॥

બંને બાજુ રહેલાં પોતાનાં પ્રિય શ્રીસ્વામિનીજીઓની ભુજારૂપી વેલીના આશ્રયે ઊભેલા, તમાલવૃક્ષ જેવા શ્યામ શ્રીઅંગવાળા શ્રીગોકુલેશપ્રભુનો હું આશ્રય કરું છું.

૨. શ્રીગોકુલનાથજી સ્વરૂપ પરિચય

પ્રાગટ્ય :

સારસ્વત કલ્પમાં ભગવાન શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને સમજાવીને તેઓ ઈન્દ્ર માટે જે યજ્ઞ કરતા હતા, તે બંધ કરાવી, ગોવર્ધનયજ્ઞ કરાવ્યો. આથી ઈન્દ્ર ઘણો ગુસ્સે થયો. તેણે વ્રજ ઉપર મૂશળધાર વરસાદ વરસાવ્યો. વ્રજવાસીઓનું રક્ષણ કરવા શ્રીકૃષ્ણે સાત દિવસ સુધી શ્રીગિરિરાજ પર્વત પોતાની ટચલી આંગળી ઉપર ધારણ કરી રાખ્યો.

ભગવાન કૃષ્ણના આ અદ્ભુત સામર્થ્યને જોઈને ઈંદ્રને ભાન થયું કે આ કોઈ સાધારણ મનુષ્યબાળક નથી. સાક્ષાત્ ભગવાન છે. પોતાના અપરાધનો



શ્રીગિરિરાજધરણ લીલા

તેને પસ્તાવો થયો. ભગવાનની ક્ષમા માગવા વ્રજમાં આવ્યો. ક્ષમા માગી. ભગવાનનો સુરભિ ગાયના દૂધથી અભિષેક કરી તેમને 'ગોવિંદ' પદવી આપી. ભગવાને પણ ઉદારતાથી તેને ક્ષમા બક્ષી.

ઈન્દ્રે ભગવાનને વિનંતી કરી : 'પ્રભુ, આપના આ સ્વરૂપની મને સેવા આપો.'

ભગવાને શ્રીગિરિરાજ ધારણ કરેલ લીલાનું સ્વરૂપ પ્રકટ કરી ઈન્દ્રને પધરાવી આપ્યું. ઈન્દ્ર ભક્તિભાવપૂર્વક તે સ્વરૂપને તેના સ્વર્ગલોકમાં પધરાવી ગયો. ત્યાં તે એ સ્વરૂપની સેવા કરતો રહ્યો.

લંકાના રાજા રાવણે તેના ભાઈ વિભીષણની મદદથી સ્વર્ગ ઉપર ચડાઈ કરી. તેમણે સ્વર્ગ જીતી લીધું. ત્યારે વિભીષણને ઈન્દ્રના મહેલમાંથી ઠાકોરજીનું આ સ્વરૂપ પ્રાપ્ત થયું. વિભીષણ પ્રભુના ભક્ત હતા તેથી તેઓ આ સ્વરૂપને પોતાની સાથે લંકા પધરાવી ગયા. પોતાના મહેલમાં આ સ્વરૂપની સેવા કરવા લાગ્યા.

ભગવાન રામે લંકા પર ચડાઈ કરી. વિભીષણે ભગવાન રામને સાથ આપ્યો. લંકા છોડી ભારત આવી ગયા. તે સમયે તેઓ આ સ્વરૂપને પોતાની સાથે પધરાવી લાવ્યા. પછી આ સ્વરૂપ ભારતમાં જ રહ્યું. આમ આ સ્વરૂપની સેવા ઈન્દ્ર અને વિભીષણે પણ કરેલી હોવાનું કહેવાય છે.

ત્યારબાદ એ સ્વરૂપની સેવા કોણે કરી તેનો સળંગ ઈતિહાસ મળતો નથી.

શ્રીમહાપ્રભુજીનાં લગ્ન થયાં. તેમના સસરા વેણુભટ્ટજીને ત્યાં પંચાયતન પૂજા બિરાજતી હતી. તે સ્વરૂપોની સાથે આ સ્વયંસિદ્ધ સ્વરૂપ પણ બિરાજતું હતું. લગ્ન પછી વેણુભટ્ટજીએ શ્રીમહાપ્રભુજીને પોતાની પંચાયતન પૂજા પધરાવી આપી. તેમાંથી આપશ્રીએ શ્રીગોકુલનાથજીનું આ અલૌકિક સ્વરૂપ પોતાના સેવ્ય સ્વરૂપોની સાથે પધરાવી લીધું.

તે સમયથી આ સ્વરૂપની સેવા શ્રીમહાપ્રભુજીના વંશમાં જ થતી આવી છે. કોઈ વૈષ્ણવે આ સ્વરૂપની સેવા કરી નથી.

શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઈજીએ તેમની સેવા કરી. શ્રીગુસાંઈજીએ પોતાના સાતેય પુત્રોને સેવા માટે અલૌકિક સંપત્તિરૂપ ભગવદ્ સ્વરૂપો વારસામાં પધરાવી આપ્યા ત્યારે પોતાના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજીને શ્રીગિરિરાજધારણ લીલાનું આ સ્વરૂપ - શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ - પધરાવી આપ્યું. સ્વામી અને સેવક બંનેનું એક જ જગપ્રસિદ્ધ નામ - શ્રીગોકુલનાથજી!

શ્રીગોકુલનાથજીએ ગોકુળમાં આ સ્વરૂપને બિરાજવા ઘણું મોટું, સુંદર અને ભવ્ય મંદિર બનાવડાવ્યું. તેમાં આ સ્વરૂપને પધરાવી, તેઓ સેવા કરવા લાગ્યા. ત્યારથી આ સ્વરૂપ ગોકુળમાં જ બિરાજે છે. ગોકુળમાં બિરાજતા બીજા બધાં સ્વરૂપો સમયાંતરે બીજાં સ્થાનોમાં પધાર્યાં પણ શ્રીગોકુલનાથજી ગોકુળ છોડી ક્યાંય પધાર્યા નથી. શ્રીમદ્ ગોકુળમાં શ્રીગોકુલનાથજીના મંદિરમાં જ બિરાજે છે. આપની સાથે આપનાં બે સ્વામિનીજી પણ બિરાજે છે. ચતુર્થ પીઠાધીશ ગો. શ્રી દેવકીનંદનજી મહારાજશ્રી આપની સેવા કરે છે.

જતિપુરામાં શ્રીગોકુલનાથજીનું મંદિર આવેલું છે. અન્નકૂટના દિવસે જતિપુરામાં શ્રીગિરિરાજજીના મુખારવિંદ પાસે શ્રીગોવર્ધનપૂજન કરવા શ્રીગોકુલનાથજી જ્યારે પધારે ત્યારે ત્યાં બિરાજીને અન્નકૂટ આરોગે છે. ગોવર્ધનધારણ લીલાનું સ્વરૂપ હોવાથી અન્નકૂટના દિવસે ગોવર્ધનપૂજનનો પ્રથમ અધિકાર તેમનો છે.

નામલીલા :

આ સ્વરૂપનું નામ શ્રીગોકુલનાથજી છે. ગો એટલે ગાયો. ગો શબ્દનો બીજો અર્થ છે ઈન્દ્રિયો, ત્રીજો અર્થ છે રસ. ચોથો અર્થ છે પૃથ્વી. આ ચારેયના નાથ એટલે સ્વામી. શ્રીકૃષ્ણ ગાયોના સ્વામી છે, ઈન્દ્રિયોવાળા શરીરને ધારણ કરનાર ભક્તોના સ્વામી છે, અલૌકિક આનંદરસના સ્વામી છે, પૃથ્વી સહિત સર્વ લોકના સ્વામી છે, વ્રજના રાજા છે, માટે આ સ્વરૂપનું નામ શ્રીગોકુલનાથજી છે.

ભગવાન શ્રીકૃષ્ણે શ્રીગિરિરાજધારણ લીલા કરી. ગોકુલવાસીઓ અને સર્વ વ્રજવાસીઓનું રક્ષણ કર્યું. સમસ્ત ગોકુલ અને વ્રજનું પણ રક્ષણ કર્યું. આમ તેઓ ગોકુલના સ્વામી બન્યા. તેથી તેઓનું નામ શ્રીગોકુલનાથજી છે.

તેમને વૈષ્ણવો ટૂંકમાં 'શ્રીનાથજી' તરીકે પણ સંબોધે છે અને એ નામથી યાદ પણ કરે છે.

લીલાભાવના :

શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધના તામસ સાધન પ્રકરણના ૨૫મા અધ્યાયની લીલાનું આ સ્વરૂપ છે.

ઈંદ્રયાગને બદલે વ્રજવાસીઓએ ગોવર્ધનયાગ કર્યો ત્યારે, છંછેડાયેલા અભિમાની ઈન્દ્રે વ્રજ ઉપર ભારે મેઘતાંડવ કર્યું. મૂશળધાર વરસાદ વરસાવ્યો. વ્રજવાસીઓ ગભરાઈ ગયાં. તેમણે ભગવાન કૃષ્ણને સંબોધી મોટે મોટેથી કહેવા માંડ્યું, 'હે કૃષ્ણ, હે કૃષ્ણ, અમને બચાવો. તમે અમારા સ્વામી છો. અમે તમારા શરણે છીએ.'

ભગવાન શ્રીકૃષ્ણે કૃપા કરી શ્રીગિરિરાજજીને આજ્ઞા કરી : તમે હવામાં છત્ર બનો.' એ સમયે શ્રીગિરિરાજજી બહુ વિશાળ સ્વરૂપમાં બિરાજતા હતા. એમ કહેવાય છે કે તેઓ ચૌદ ગાઉ લાંબા, નવ ગાઉ ઊંચા અને પાંચ ગાઉ પહોળા હતા. (ગાઉ = લગભગ દોઢ માઈલ) આજ્ઞા થતાં જ શ્રીગિરિરાજજી ઊંચકાયા. હવામાં છત્રરૂપે તોળાયા.

ભગવાન શ્રીકૃષ્ણે તેમને હવામાં સ્થિર રાખવા પહેલાં ડાબા હસ્તની આંગળી ઊંચી કરી અડકાડી, પછી જમણા હસ્તની ટચલી આંગળીના નખથી પણ સ્હેજ ઉપર શ્રીગિરિરાજજીને સ્થિર કર્યા. સર્વ વ્રજવાસીઓને શ્રીગિરિરાજજીની છત્ર છાયામાં બોલાવી લીધા. ડાબા હસ્તમાં શંખ ધારણ કર્યો. તેમાં વરસાદનું બધું જળ શોષી લેવા માંડ્યું. છત્રછાયામાં ઊભેલાં વ્રજવાસીઓને સુખનું દાન કરવા બીજા બે હસ્ત પ્રકટ કર્યા. તે બે હસ્તથી વેણુવાદન કરવા માંડ્યું. આમ શ્રીગિરિરાજ ધારણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણ ચતુર્ભુજ બન્યા. તેમનો શ્રમ દૂર કરવા ડાબી બાજુ ઊભાં રહી શ્રીરાધિકાજી ચમ્મર ઢોળવા લાગ્યાં. જમણી બાજુ ઊભા રહી શ્રી ચંદ્રાવલીજી પણ પ્રભુનો શ્રમ દૂર કરવા ચમ્મર ઢોળવા લાગ્યાં. આમ બે સ્વામિનીજીઓ સાથે ચતુર્ભુજ સ્વરૂપે શ્રીગિરિરાજજીની છત્રછાયામાં ઊભેલા શ્રીઠાકોરજીની અદ્‌ભુત લીલાનું આ સ્વરૂપ છે.

શ્રીગોકુલનાથજી ઠાકોરજીની બંને બાજુ શ્રીરાધિકાજી અને શ્રીચંદ્રાવલીજી એમ બે શ્રીસ્વામિનીજી બિરાજે છે. શ્રીગોકુલનાથજી પ્રભુનું આવું અલૌકિક યુગલ સ્વરૂપ છે. તેમના સ્વરૂપની આ લીલા ભાવના છે.

મિત્રો, ગોકુલ જાઓ ત્યારે શ્રીગોકુલનાથજીનાં દર્શન કરી જરૂર કૃતાર્થ થશો.

સ્વરૂપભાવના :

શ્રીગોકુલનાથજી પ્રભુનું સ્વરૂપ ગૌર વર્ણનું, નાનકડું - ચારેક આંગળ જેટલું ઊંચું છે. આપના ચરણારવિંદ નીચે કમળ છે. ખીલેલા કમળ ઉપર તેઓ ઊભા છે. આપે જમણા શ્રીહસ્તથી ગિરિરાજજીને ધારણ કર્યા છે. ડાબા શ્રીહસ્તમાં શંખ છે. બે શ્રીહસ્તથી વેણુ વગાડે છે. નેત્રો ચરણારવિંદ તરફ ઢળેલાં છે. ડાબી બાજુ શ્રીરાધિકાજી બિરાજે છે. જમણી બાજુ શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. શ્રીરાધિકાજીના એક શ્રીહસ્તમાં ચમ્મર અને બીજા શ્રીહસ્તમાં છડી છે.

અષાડ વદ ચોથના દિવસે તેમનો પાટોત્સવ મનાવાય છે.

આ સ્વરૂપની ભાવના શ્રી દ્વારકેશજી મહારાજે નીચેના પદમાં બતાવી છે.

વ્રજપતિ તુમ બિન કૌન કરૈ ।
ઉત મઘવાકો માનભંગ કરી, ઈત બ્રજગોપીન ગોપ વરૈ ॥૧॥
બેનુ બજાવત કર પર ગિરિવર વામ ભુજા લે સંખ ધરૈ ।
***દ્વારકેશ** પ્રભુ ગૌર વર્ણ વપુ, નિગમ પ્રશંસિત વિપદ હરૈ ॥૨॥*

૩. ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજી

નમામિ ગોકુલાધીશં લીલા માનુષ વિગ્રહમ્ ।
વ્રજાધીશં વિશ્વવિભું પાર્વતી પ્રાણવલ્લભમ્ ॥

શ્રીગુસાંઈજીના ચોથા લાલજીનું નામ શ્રીગોકુલનાથજી. તેમનું પ્રાકટ્ય વિ. સં. ૧૬૦૮માં માગશર સુદ સાતમને ગુરુવારના દિવસે અડેલમાં થયું હતું. તેમને ઘરમાં સૌ ‘વલ્લભ’ના નામે બોલાવતા. તેઓ બાળપણથી જ ઘણા તેજસ્વી હતા. શ્રીગુસાંઈજીએ તેમને શ્રીગોકુલનાથજી ઠાકોરજી પધરાવી આપ્યા હતા.



ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજી

તેમનાં લગ્ન સંવત ૧૬૨૪માં જેઠ વદ બીજના દિવસે મથુરામાં થયાં હતાં. તેમનાં વહુજીનું નામ શ્રીપાર્વતીવહુજી હતું. તેમને ત્રણ પુત્રો હતા. શ્રીગોપાલજી, શ્રીવિઠ્ઠલેશજી અને શ્રીવ્રજરત્નજી. તેમને એક બેટીજી હતાં. શ્રીરોહિણીજી તેમનું નામ હતું.

આપણા પુષ્ટિમાર્ગમાં તેમને સૌ 'માળાતિલકના રક્ષણહાર' તરીકે ઓળખે છે અને ભક્તિભાવથી વંદન કરે છે.

તેમના સમયમાં ઉજ્જૈનમાં રહેતા ચિદ્રુપ નામના એક સંન્યાસીએ, બાદશાહ જહાંગીરના કાન ભંભેરી, કોઈએ તુલસીમાળા અને વૈષ્ણવી તિલક ધારણ ન કરવાં એવો હુકમ બાદશાહ પાસે કરાવ્યો હતો. સાથે સાથે દરેકે રૂદ્રાક્ષ અને ત્રિપુંડ ધારણ કરવા એવો હુકમ પણ કરાવ્યો હતો. રાજ્યના સર્વ અમલદારોને આ હુકમનો અમલ કડકાઈથી કરાવવાની તાકીદ કરવામાં આવી હતી. ચિદ્રુપ પોતે પણ આ બાબતે વૈષ્ણવોને ખૂબ પરેશાન કરતો હતો.

આવો હુકમ ધર્મના સિદ્ધાંતોથી વિરૂદ્ધ છે, એવું શ્રીગોકુલનાથજીએ શાસ્ત્રાર્થ કરી પૂરવાર કર્યું, છતાં જહાંગીર અને ચિદ્રુપ ન માન્યા. બાદશાહને સમજાવવા માટે શ્રીગોકુલનાથજી કાશ્મીર પધાર્યા કારણ કે બાદશાહ જહાંગીર તે સમયે કાશ્મીરમાં હતો. શ્રીગોકુલનાથજીનું વય તે સમયે લગભગ ૮૦ વર્ષનું હતું, છતાં પોતાના શ્રમની કે કાશ્મીરની સખત ઠંડીની પરવા કર્યા વગર સ્વધર્મના રક્ષણ માટે આપ ત્યાં પધાર્યા. જહાંગીરને સમજાવ્યો, પણ તે ન માન્યો કારણ ચિદ્રૂપે તેને બરોબર ભંભેર્યો હતો.

તેણે હુકમ કર્યો : 'ક્યાં તો માળાતિલક ઉતારો અથવા મારું રાજ્ય છોડી ચાલ્યા જાઓ.' શ્રીગોકુલનાથજીએ જહાંગીરના રાજ્યમાં આવેલું ગોકુળ છોડી અન્યત્ર વસવાનો નિર્ણય કર્યો પણ માળાતિલક ન ઉતાર્યાં. બધા વૈષ્ણવો સાથે તેઓ ગોકુળ છોડી ગંગાકિનારે આવેલા સોરમ નામના ગામમાં જઈને બિરાજ્યા.

કાશ્મીરથી પાછા આવતાં જહાંગીરે ગોકુળને ઉજ્જડ બનેલું જોયું. તેને તેની ભૂલ સમજાઈ. પસ્તાવો થયો. માળાતિલક ઉતારવાનો હુકમ રદ કરી

શ્રીગોકુલનાથજીને સન્માનપૂર્વક ગોકુળમાં પાછા પધરાવ્યા. આમ માળાતિલકના રક્ષણનો અભૂતપૂર્વ બનાવ તેમના સમયમાં બન્યો. તેમણે માલાતિલકનું રક્ષણ કરી સાથે સાથે પુષ્ટિમાર્ગનું પણ રક્ષણ કર્યું.

શ્રીગોકુલનાથજીની વિદ્વતા અજોડ હતી. તેમણે સંસ્કૃત અને વ્રજભાષામાં ઘણા ગ્રંથોની રચના કરી છે. તેમના સંસ્કૃતમાં રચાયેલા તેર ગ્રંથોમાં મુખ્યત્વે શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના ગ્રંથો ઉપર લખાયેલા ટીકાગ્રંથો છે જ્યારે વ્રજભાષામાં મુખ્યત્વે ૧૮ ગ્રંથો આપે રચ્યા છે. જેમનાં નામ આ પ્રમાણે છે. (૧) રહસ્યભાવના (૨) ભાવભાવના (૩) સેવાભાવના (૪) ખટઋતુભાવના (૫) હાસ્યપ્રસંગો (૬) વચનામૃતો (૭) સ્વરૂપ ભાવના (૮) લીલાભાવના (૯) નિજવાર્તા (૧૦) ઘરુવાર્તા (૧૧) બેઠકચરિત્ર (૧૨) શ્રીઆચાર્યજીની પ્રાગટ્યવાર્તા (૧૩) શ્રીગુસાંઈજીની નિજવાર્તા (૧૪) શ્રીગોપીનાથજીની વાર્તા (૧૫) ચોર્યાસી વૈષ્ણવનકી વાર્તા (૧૬) દોસો બાવન વૈષ્ણવનકી વાર્તા (૧૭) ભાવસિંધુ (૧૮) શ્રીનાથજીની પ્રાગટ્યવાર્તા.

આ ઉપરાંત તેમણે અનેક પદો રચ્યાં છે.

તેમને વ્રજભાષામાં ગદ્ય 'સાહિત્યના પિતા' કહેવામાં આવે છે. કારણ કે પુષ્ટિમાર્ગમાં વ્રજભાષામાં ગ્રંથો લખવાની શરૂઆત તેમણે જ કરી. વ્યવસ્થિત રીતે ગદ્યસાહિત્ય લખવાની શરૂઆત તેમના સમયમાં જ થઈ. ૪૦૦ વર્ષોથી તેમના દ્વારા રચાયેલા આ વાર્તાગ્રંથો, બેઠકચરિત્ર વગેરે વૈષ્ણવોને ઘેર દરરોજ ભગવદ્‌વાર્તામાં વંચાય છે.

તેમણે એક વખત ગુજરાતનો પ્રવાસ પણ કર્યો હતો. તેનું સુંદર વર્ણન વ્યારાવાળા ગોપાળદાસભાઈ નામના વૈષ્ણવે 'ગુજરાતતરંગ' નામના કાવ્યમાં કર્યું છે. ગુજરાતમાં તેમની બેઠકો અસારવા અને ગોધરામાં છે. ગોકુળમાં શ્રીગોકુળનાથજીના મંદિરમાં તેમનાં શ્રીબેઠકજી બિરાજે છે. તદુપરાંત વ્રજમાં ઘણે સ્થળે તેમનાં બેઠકજી છે.

તેમના સેવકોને તેમના ઉપર અનન્ય ગુરુભાવ અને ભગવદ્‌ભાવ હતો. આપશ્રીની વ્યવહારકુશળતા અને વિશિષ્ઠ પ્રકારની વચનામૃત શૈલીથી

વૈષ્ણવોમાં તેમનો અધિક પ્રભાવ હતો. આજે પણ તેમના સેવકોમાં દઢ અનન્ય ભાવ જોવા મળે છે.

આપશ્રી ભૂતળ ઉપર ૮૯ વર્ષ બિરાજ્યા. સંવત ૧૬૯૭ના મહા વદ નોમના દિવસે લીલાપ્રવેશ કર્યો. તે સમયે તેમના ૭૮ સેવકોએ પણ તેમના વિરહમાં સહજ રીતે પ્રાણત્યાગ કર્યો હતો. તેમના સેવકો તેમને ભગવદ્‌ભાવથી 'શ્રીજી' કહી સંબોધતા.

માળાતિલકના રક્ષણહાર શ્રીગોકુલનાથજીને આપણે ભક્તિભાવથી વંદન કરીએ અને તુલસીમાળા પહેરવાનું અને તિલક કરવાનું કદી ન ભૂલીએ.

શ્રીગોકુલનાથજીની વધાઈ

રચના : બિહારીદાસજી

(રાગ : સારંગ)

બહોરી કૃષ્ણ અબકે શ્રીગોકુલ પ્રગટે શ્રીગોકુલનાથ ।
પરમ પ્રસન્ન ચતુર ચિંતામણિ ખટ ગુન લીને સાથ ॥૧॥

નિજપુર આજ આનંદ વધાઈ ઘર ઘર મંગલ ચાર ।
સજત સિંગાર સકલ વ્રજ વનિતા બાંધત બંદનવાર ॥૨॥

શ્રીવિઠ્ઠલ મનમોદ બઢ્યો અતિ દેત દ્વિજન બહુ દાન ।
ગોસુત સોહત અનેક રતનસોં કો કહી સકે બખાન ॥૩॥

માગધ સુત પઢત બંદીજન કરત વિમલ ગુણગાન ।
મિટ્યો તિમિર અજ્ઞાન સબનકોં ઉદયો કોટિક ભાન ॥૪॥

ધન્ય ધન્ય અગહન માસ સાતેં સુદિ ધન્ય દિવસ ધન્ય રાત ।
જય જયકાર સુર નર મુનિ કુસુમ ફૂલ બરખાત ॥૫॥

હરદ દહીં પ્રવાહ કેસરીકો વૈષ્ણવ સોહત મહાન ।
બિહારીદાસ બડભાગી ગાવત ગોકુલેશ ગુનગાન ॥૬॥

૪. શ્રીગોકુલનાથજીનું ધોળ

નેન ભરીને નિરખો

નેન ભરીને નિરખો સજની અહીં વ્રજરાજ બિરાજે છે.
શ્રીવલ્લભ પ્રભુજીનાં દર્શન કરતાં આનંદ ઉરમાં ઉપજે છે.
વારંવાર દર્શન કરતાં ભય ભવના સઘળાં ભાગે છે.
પ્રાણપતિજી પુષ્ટિ સૃષ્ટિના તારક ને ઉધ્ધારક છે.
પુષ્ટિમાર્ગમાં પ્રકાશ કરતા રસની રેલ્યું ચલાવે છે.
માળા-તિલકની રક્ષા કરીને ધર્મ ધજા ફરકાવે છે.
તન - મન - ધનથી શરણે લઈને તનના તાપ સમાવે છે.
દાસ 'દયા'ની વિનતી સૂણીને મન માન્યા સુખ આપે છે.

૫. શ્રીગિરિધરાષ્ટકમ્

રચના : શ્રીહરિરાયજી

દિવ્યકેલિકર્તુકામવેશ ગોપબાલકં
નૃત્યગીતહાસહર્ષધેનુવત્સપાલકમ્ ।
વેણુવાદને લસન્નિજાલકં સુભાલકં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૧॥

દિવ્ય રાસલીલા કરવાની ઈચ્છાથી ગોપબાળકનો વેશ ધારણ કરેલા, નૃત્ય, ગીત, હાસ્ય અને હર્ષથી ગાયોનાં વાછરડાંઓનું રક્ષણ કરનારા, વેણુ વગાડતી વખતે શોભાયમાન કેશવાળા અને સુંદર લલાટવાળા શ્રીગિરિરાજધારી નંદનંદનનો હું આશ્રય કરું છું. (૧)

યાગભાગવંચિતામરેન્દ્રગર્વભંજકં
ઘોષલોકનેત્રયુગ્મરેફરાગરંજકમ્ ।
ગોકદંબગોપગોપિકા દ્વિજાતિસંજકં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૨॥

ઈંદ્રયાગના ભાગથી વંચિત રખાયેલા ઈન્દ્રના ગર્વને ભાંગનારા, વ્રજવાસીઓનાં નેત્રોરૂપી ભ્રમરોની આસક્તિને સંતોષનારા, ગાયોનાં ધણ, ગોપાલો, ગોપીઓ, અને પક્ષીઓને પોતાનાં કરનારા શ્રીગિરિરાજધારી નંદનંદનનો હું આશ્રય કરું છું. (૨)

સપ્તરાત્રિવૃષ્ટિ હીનદેવભૂપકારકં
કામધેનુદત્ત નામગીત માત્રતારકં ।
બ્રહ્મરુદ્રદેવ હસ્ત મુક્ત પુષ્પવૃષ્ટિકં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૩॥

સાત રાત વૃષ્ટિ કરનાર ઈંદ્રનો મદ ઉતારનારા, કામધેનુએ આપેલા ગોવિંદ નામના ગીત માત્રથી ભક્તોનો ઉદ્ધાર કરનારા, બ્રહ્મા - રુદ્ર જેવા દેવો જેમના પર સ્વહસ્તે પુષ્પવૃષ્ટિ કરે છે તેવા શ્રીગિરિરાજધારી નંદનંદનનો હું આશ્રય કરું છું. (૩)

ગોપરાજનંદઘોષહૃદ્યભીતિદાયકં
બાલમિત્રમંડલી સુચારુકેલિગાયકં ।
સુંદરીષુ દૃષ્ટિભંગ મુક્ત કામસાયકં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૪॥

ગોપરાજ શ્રીનંદરાયજીની વ્રજભૂમિના હૃદયને નિર્ભયતાનું દાન કરનારા, બાળક મિત્રોની મંડળીમાં સુંદર ક્રીડા કરનારા અને ગાન કરનારા, ગોપીજનોની નજર મળતાં કામબાણ છોડનારા શ્રીગિરિરાજધારી નંદનંદનનો હું આશ્રય કરું છું. (૪)

શ્યામસુંદરાંગરત્નયુકતપિંગભૂષિતં
કુંકુમાભિરક્તસારકૃષ્ણનાભિરૂપિતં ।
કેકિપિચ્છચૂડકાંતિમેઘચાપદૂષિતં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૫॥

શ્યામ અને સુંદર અંગો ઉપર રત્નોનાં આભૂષણ અને પીળાં વસ્ત્રોથી શોભતા, કંકુ, ચંદન અને કસ્તુરીથી લેપાયેલ, મોર પિચ્છની કાંતિથી મેઘ ધનુષ્યની શોભાને ઝાંખી કરનારા શ્રીગિરિરાજધારી નંદનંદનનો હું આશ્રય કરું છું. (૫)

કલ્પવૃક્ષ ગૌરરક્તપીતપુષ્પદામકં
ગોપરાજરાજિતાભય સ્વહસ્તવામકમ્ ।
વામપાર્શ્વરાધિકાપ્રિયં ચ કૃષ્ણ નામકં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૬॥

કલ્પવૃક્ષનાં સફેદ, લાલ, પીળાં પુષ્પોની માળા ધારણ કરેલા, નંદરાયજી પર મૂકેલા અભયદાયી હસ્તવાળા, જેમની ડાબી બાજુએ શ્રીરાધાજી બિરાજમાન છે તેવા શ્રીકૃષ્ણનામધારી શ્રીગિરિરાજધારી નંદનંદનનો હું આશ્રય કરું છું. (૬)

ગોકુલસ્થજીવમાત્ર દુઃખ મોક્ષ કારણં
ભક્તહેતુકલ્પિતામૃતાદતાવતારણમ્ ।
દુષ્ટદૈત્યવીરવૃષ્ટિધારણાભ્રવારણં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૭॥

ગોકુળવાસીઓને દુઃખમાંથી મુક્ત કરાવવાના કારણ રૂપે રહેલા, ભક્તો માટે ભક્તિરૂપી અમૃતને પ્રકટ કરવા અવતાર ધારણ કરનારા, દુષ્ટ સમર્થ દૈત્યો તથા ઈંદ્રવૃષ્ટિથી થતાં ભયનાં વાદળોને દૂર કરનારા શ્રીગિરિરાજધારી નંદનંદનનો હું આશ્રય કરું છું. (૭)

સુરપુત્રિકાસુતીર રાસરંગરાગિણં
પક્ષિરાજમુક્તનાગ ચારુવાસભાગિનમ્ ।
વિઠ્ઠલેશવિપ્રરૂપ મોક્ષ કામયાગિનં
શ્રીગિરીન્દ્રધારિણં વ્રજેન્દ્રસૂનુમાશ્રયે ॥૮॥

સૂર્યપુત્રી શ્રીયમુનાજીના તીરે રાસલીલાના રંગમાં પ્રેમવાળા, ગરુડજીએ મુક્ત કરેલા રમણીક દ્વિપ પર કાલિય નાગને વસાવનાર, વિપ્રસ્વરૂપ શ્રીગુસાંઈજી સ્વરૂપે જીવોને પરમ મોક્ષનું દાન કરવા રૂપી યજ્ઞ કરનારા શ્રીગિરિરાજધારી શ્રીનંદનંદનનો હું આશ્રય કરું છું. (૮)

॥ ઈતિ શ્રીહરિદાસોદિતં શ્રીગિરિધરાષ્ટકં સંપૂર્ણમ્ ॥

આ પ્રમાણે શ્રીહરિરાયજીએ રચેલું શ્રીગિરિધરાષ્ટકં સંપૂર્ણ થયું.

■



સપ્તમ નિધિસ્વરૂપ શ્રીમદનમોહનજી

॥ શ્રી મદનમોહનપ્રભુ વિજયતે ॥

સપ્તમ નિધિસ્વરૂપ શ્રીમદનમોહનજી

૧. સ્વરૂપ પરિચય

તરુણીદુહિતૃતીરે મંડલે વલ્લવીનાં
કનક રુચિરભાસાં મધ્યગો ગીતવેણુઃ ।
મરકતમણિકાન્તિઃ કામિતઃ કામિનીનાં
જયતિ મધુરમૂર્તિર્વલ્લભેન્દ્રઃ કિશોરઃ ॥

(સ્તોત્રમ્ - શ્લોક : ૨ - શ્રીહરિરાયજી)

ભાવાર્થ :

સૂર્યપુત્રી શ્રીયમુનાજીના તીરે, સુવર્ણના જેવી સુંદર કાંતિવાળાં ગોપીજનોનાં મંડલના મધ્યભાગમાં બિરાજમાન, બંસી બજાવતા, મરકત મણિ જેવી કાંતિ ધરાવતા, કામિનીઓના વહાલા, મધુરી મૂર્તિવાળા, સૌને સૌથી વધુ વહાલા, કિશોર સ્વરૂપ ધારણ કરેલ શ્રીપ્રભુનો જય થાય છે.

બજત કુંજમેં મંજુ બાંસુરી વ્રજબધુ બંધી પ્રેમ રાસરી;
ઘર તજ્યો ગઈ કૃષ્ણ પાસરી શરદ ચંદ કીનો ઉજાસ રી.

નામ અને લીલાભાવના :

પ્રભુની રસમયી રાસલીલાનું વેણુવાદન કરતું સ્વરૂપ એટલે શ્રીમદનમોહનજી. મહારાસ લીલાનું આ સ્વરૂપ છે. પ્રભુએ આ સ્વરૂપે વ્રજભક્તોને વેણુનાદ કરી, પોતાની પાસે બોલાવી, તેમને રાસનું સુખ આપ્યું હતું.



યજ્ઞનારાયણ ભટ્ટજીને ત્યાં સોમયજ્ઞની પૂર્ણાહુતિ સમયે
યજ્ઞકુંડની વેદીમાંથી શ્રીમદનમોહનજીનું પ્રાકટ્ય

મદન એટલે કામદેવ. કામદેવને પોતાના રૂપનું બહુ અભિમાન હતું. શ્રીકૃષ્ણે રાસ સમયે પોતાનું અલૌકિક રૂપ પ્રગટ કરી કામદેવનું અભિમાન ઉતાર્યું હતું. કામદેવ ભગવાનનું રૂપ જોઈને મોહ પામ્યા હતા. આમ કામદેવને - મદનને પણ મોહ પમાડનાર સ્વરૂપ તે શ્રીમદનમોહનજી. તેમનું નામ મદનમોહનજી છે તેનું બીજું પણ એક કારણ છે. પ્રભુની સાથે રાસ રમતાં ગોપીજનોને મોહ - મદ થયો તે પ્રભુએ દૂર કર્યો માટે તેમનું નામ શ્રીમદનમોહનજી છે.

પ્રાગટ્ય :

શ્રીમહાપ્રભુજીના પૂર્વજ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટ આંધ્રપ્રદેશના કાંકરવાડ ગામમાં રહેતા હતા. તેમણે તેમના જીવનમાં પહેલો સોમયજ્ઞ કર્યો, ત્યારે તેમની ભક્તિથી પ્રસન્ન થઈ, યજ્ઞની પૂર્ણાહુતિ સમયે યજ્ઞની વેદીમાંથી સાક્ષાત્ પ્રભુ પ્રકટ થયા. દર્શન આપી ભટ્ટજીને વરદાન આપ્યું : 'તમારા વંશમાં આવા સો સોમયજ્ઞ પૂરા થશે ત્યારે હું તમારે ઘેર પુત્રરૂપે પ્રકટ થઈશ.'

વરદાન આપીને પ્રભુ અંતર્ધાન થઈ ગયા પરંતુ યજ્ઞની વેદીમાંથી એક મનોહર સ્વરૂપ મૂર્તિમંત બનીને બહાર પધાર્યું. તે સ્વરૂપ તે શ્રીમદનમોહનજી. આ સ્વરૂપની સેવા યજ્ઞનારાયણ ભટ્ટે કરી. ત્યારબાદ તેમના વંશજોએ પણ કરી. શ્રીમહાપ્રભુજીને આ સ્વરૂપ વારસામાં મળ્યું.

શ્રીમહાપ્રભુજી અને તેમના પછી શ્રીગુસાંઈજી દ્વારા સેવાયા પછી શ્રીગુસાંઈજીએ પોતાના સાત પુત્રોને સેવા માટે સાત અલૌકિક સ્વરૂપો પધરાવી આપ્યા ત્યારે પોતાને વંશપરંપરાગત રીતે પ્રાપ્ત થયેલું અને વર્ષોથી પોતાના પૂર્વજો દ્વારા સેવાયેલું આ સ્વરૂપ પોતાના સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીને પધરાવી આપ્યું. આમ આ સ્વરૂપ શ્રીઘનશ્યામજી સુધી શ્રીમહાપ્રભુજીના વંશમાં જ બિરાજ્યું.

સ્વરૂપભાવના :

આ સ્વરૂપ ગૌરવર્ણનું ઠાડું સ્વરૂપ છે. બે શ્રીહસ્તથી વેણુ વગાડે છે. કંઠમાં જનોઈ ધરેલી છે. ડાબા ચરણારવિંદ સાથે જમણા ચરણારવિંદની આંટી લીધેલી છે.

ગૌરવર્ણ બતાવે છે કે આ સ્વરૂપમાં વ્રજભક્તોને વિશુદ્ધ આસક્તિ છે. જનોઈ ધારણ કરી ભગવાન એવું સૂચવે છે કે રાસ રમવા છતાં હું વેદધર્મની મર્યાદા તોડતો નથી. યોગીઓનો પણ હું ઈશ્વર છું. સાથે સાથે ભક્તોને રસદાન કરવા ધર્મમાર્ગની મર્યાદા રાખતો નથી. એવું વિરુદ્ધધર્માશ્રયી આ સ્વરૂપ છે.

શ્રીમદનમોહનજીની સાથે બે સ્વામિનીજી બિરાજે છે. ડાબી બાજુ શ્રીરાધિકાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલીજી. બંનેના શ્રીહસ્તમાં કમળની કળી છે, જે તેમના શુદ્ધ સ્નેહનું પ્રતીક છે.

શ્રી દ્વારકેશજી મહારાજ આ સ્વરૂપની ભાવના નીચેના પદમાં સમજાવે છે.

દેખ્યોરી મૈં સુંદર બદન ।
બેનુ બજાય બુલાય લઈ હૈ, પૂછત રી ક્યોં છોડવો સદન ॥૧॥
ધર્મ છાંડિ નિજ ધર્મ કિયો હૈ, યાતે ગૌર ભયે નંદનંદન ।
*‘**દ્વારકેશ**’ પ્રભુ યહ બિધિ દેખી, ન્યાય કે હેત મન્મથ નિકંદન ॥૨॥*

૨. શ્રીમદનમોહનજીનો ઈતિહાસ

શ્રીગુસાંઈજીએ પોતાના સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીને શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. શ્રીઘનશ્યામજીએ શ્રીમદનમોહનજીને શ્રીગોકુલનાથજીની સાથે પધરાવ્યા. પછી પોતાનું અલગ મંદિર સિદ્ધ કરાવી, તેમાં તેમને પધરાવી પ્રેમપૂર્વક સેવા કરવા લાગ્યા.

ઉષ્ણકાલના દિવસોમાં તેઓ પ્રભુને મંદિરના ચોકમાં પોઢાવતા અને પોતે બાજુમાં ઊભા રહી, આંખો બંધ કરી પંખો કરતા.

એકવાર સંવત ૧૬૬૯ની સાલમાં અન્નકૂટના દિવસે શ્રીમદનમોહનજીના સુખપાલના દાંડાની લંબાઈ માટે શ્રીઘનશ્યામજી અને શ્રીગોપાલજીને ભારે વિવાદ થયો. આ બાબતને થોડો સમય વીતી ગયો. ઉષ્ણકાલના દિવસો આવ્યા. સખત ગરમીને કારણ શ્રીમદનમોહનજીને શ્રીઘનશ્યામજીએ મંદિરના ચોકમાં પોઢાડવાનું શરૂ કર્યું.



શ્રીગુસાંઈજીના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી અને સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજી પોતપોતાના સેવ્ય સ્વરૂપોને સાથે પધરાવી સેવા કરે છે.



શ્રીમદનમોહનજીને બટવામાં પધરાવીને લઈ જતા શ્રીગોપાલજી.

શ્રીગોપાલજીને શ્રીઘનશ્યામજી સાથે સુખપાલના દાંડાની લંબાઈના કારણસર મનદુઃખ થયેલું એટલે આ તકનો લાભ લેવાનું એમણે વિચાર્યું.

એક દિવસ રાત્રે શ્રીગોપાલજીએ પોતાના ખવાસને બોલાવ્યો. ઉપરના માળના છજામાંથી નીચે ચોકમાં દોરડું લટકાવી તેઓ નીચે ઉતર્યા. મનમાં બીક હતી કે કાકાજી આંખો ખોલશે તો તકલીફ થશે એટલે ઝડપથી શૈયાની ચાદર ઊંચી કરી, શૈયામાંથી શ્રીમદનમોહનજી અને એક શ્રીસ્વામિનીજી પધરાવી લીધાં. પોતાના બટવામાં પધરાવી જે રીતે આવ્યા હતા તે રીતે સડસડાટ દોરડા વાટે ઉપર ચડી ગયા. બીજાં સ્વામિનીજી શૈયામાં જ રહી ગયાં.

શ્રીઘનશ્યામજી આંખો બંધ કરી પંખો કરતા હતા. તેમણે અવાજ તો સાંભળ્યો પણ પ્રભુની અનંત લીલાનો વિચાર કરી આંખો ન ખોલી. એમણે વિચાર્યું શ્રીઠાકોરજી પોઢ્યા છે તો મારાથી આંખો ખોલી દર્શન કેમ થાય?

શ્રીગોપાલજી શ્રીમદનમોહનજીને પધરાવી પોતાના મંદિરમાં આવ્યા. ખવાસ કહે છે 'મહારાજ, આપે આ સ્વરૂપો પધરાવી તો લીધાં પણ વાત છાની નહિ રહે. આ ચોરી કરી છે એવી બધાને ખબર પડશે ત્યારે મોટી તકલીફ થશે. માટે કોઈ ઉપાય કરો.'

શ્રીગોપાલજીને થયું : વાત તો સાચી છે. શ્રીઠાકોરજીને થોડા સંતાડીને રખાશે? કયાં પધરાવીને સેવા કરીશું? એમને પોતાની કૃપાપાત્ર એક બ્રાહ્મણી બાઈ યાદ આપી. તે સિંધની હતી. પરમ ભગવદીય હતી. રોજ વિનંતી કરતી રહેતી. 'જે રાજ, મને એક વાર શ્રીગોકુલનાથજીના ચરણસ્પર્શ કરાવો.' આપે ખવાસને મોકલી તે બાઈને બોલાવી. બાઈ તરત જ આવી.

શ્રીગોપાલજીએ તેને સમજાવી : 'જો બાઈ, તું રોજ ચરણસ્પર્શ માટે વિનતી કરે છે ને? હું તને આ શ્રીમદનમોહનજી અને શ્રીસ્વામિનીજી પધરાવી આપું છું. તે શ્રીગોકુલનાથજીની બરાબર જ છે. આ બંને સ્વરૂપોને પધરાવીને તું તારા દેશમાં ચાલી જજે. શ્રીઠાકોરજીની સારી રીતે સેવા કરજે. કોઈને કાંઈ કહીશ નહિ.'

ચોરીની બાબતથી અજાણ એવી એ બ્રાહ્મણી તો પોતાનું ભાગ્ય માનીને, શ્રીઠાકોરજીને પધરાવી, ખુશ થતી ચાલી ગઈ.



શ્રીગોપાલજીએ શ્રીમદનમોહનજીને સિંધની બ્રાહ્મણીને પધરાવી આપ્યા.

સવાર થયું. શ્રીઠાકોરજીને જગાવતી વખતે શ્રીઘનશ્યામજીએ જોયું તો શ્રીમદનમોહનજી અને એક સ્વામિનીજી શૈયામાં ન હતા. ચોરી થઈ છે એવો ખ્યાલ આવતાં તેમને ભારે દુ:ખ થયું. કોઈની સાથે કાંઈપણ બોલ્યા-ચાલ્યા વગર આપશ્રી મંદિરના ભોંયરામાં પધારી ગયા. પ્રભુના વિરહમાં આંખમાંથી અશ્રુનો પ્રવાહ વહેવા લાગ્યો.

એક ખવાસે આવીને શ્રીગોકુલનાથજીને આ દુ:ખદ સમાચાર આપતાં કહ્યું: 'મહારાજ, શ્રીમદનમોહનજી ચોરીમાં પધાર્યા છે. આપના ભાઈને એનાથી ઘણું કષ્ટ થયું છે. ભોંયરામાં બિરાજી ઘણો વિરહ કરી રહ્યા છે.'

શ્રીગોકુલનાથજી તરત જ ત્યાં પધાર્યા. શ્રીઘનશ્યામજી કાંઈ બોલ્યા નહિ. તેમની આંખમાંથી વહેતા અશ્રુપ્રવાહથી શ્રીગોકુલનાથજીને ઘણું દુ:ખ થયું.

આપશ્રીએ મુખિયાજીને આજ્ઞા કરી : મુખિયાજી, આજ સુધી જે રીતે શ્રીમદનમોહનજીની સેવા થતી હતી તે જ રીતે શ્રીસ્વામિનીજીની સેવા ચાલુ રાખો. શ્રીસ્વામિનીજી બિરાજે છે. એટલે પ્રભુ ચોક્કસ પાછા પધારશે.'

જેમ જેમ આ ચોરીના સમાચાર મળતા ગયા તેમ તેમ બધા બાળકો અને વૈષ્ણવો ત્યાં આવવા લાગ્યા. ઘણી શોધખોળ કરી, પણ શ્રીઠાકોરજી તો સિંધના માર્ગે પધારી ગયા હતા. ગોકુળમાં હોય તો જડે ને?

બંને સ્વરૂપો ન મળ્યાં ત્યારે શ્રીઘનશ્યામજી પ્રત્યેના અપાર વાત્સલ્યને કારણે, શ્રીઘનશ્યામજીનું દુ:ખ સહન ન થતાં, ચોરી કરનાર માટે શ્રીગોકુલનાથજીના મુખમાંથી વચનો નીકળી ગયાં કે જેણે મારા ભાઈને દુભવ્યો છે તેનું નિર્વંશ જશે.

પછી રાજભોગ સુધીની સેવા પહોંચીને, આપશ્રી તથા સર્વ બાળકો અને વૈષ્ણવો શ્રીઘનશ્યામજી પાસે પધાર્યા. કોઈએ મહાપ્રસાદ ન લીધો. શ્રીઘનશ્યામજીને ઘણા સમજાવ્યા પરંતુ આપે મહાપ્રસાદ લેવાની ના પાડી દીધી. ત્રણ દિવસ સુધી બધા બાળકો, વહુજી, બેટીજી વગેરેએ પણ મહાપ્રસાદ ન લીધો. શ્રીઠાકોરજીની ઘણી શોધખોળ કરી. શ્રીઘનશ્યામજી તો પ્રભુના વિરહમાં, ખાનપાન કર્યા વગર, માત્ર ફલાહાર કરી ભોંયરામાં જ બિરાજી રહ્યા. પ્રભુના વિરહમાં કીર્તનો ગાતા રહ્યા. થોડા દિવસમાં દેહ છોડી લીલામાં પધાર્યા. આ પ્રસંગ સંવત ૧૬૬૯માં બન્યો.

એ જ દિવસથી શ્રીઠાકોરજીને ચોકમાં પોઢાડવાની રીત બંધ થઈ.

આ ઘટનાને ઘણાં વર્ષો વહી ગયાં. દરમ્યાનમાં શ્રીનાથજી વ્રજ છોડી મેવાડ પધાર્યા. નાથદ્વારામાં બિરાજ્યા. બીજાં બધાં સ્વરૂપો પણ અન્યત્ર પધાર્યાં.

જે બ્રાહ્મણી શ્રીમદનમોહનજીને પધરાવીને પોતાના દેશમાં ગઈ હતી તે હવે વૃદ્ધ થઈ હતી. તેણે વિચાર્યું : એકવાર નાથદ્વારા જાઉં. ત્યાં રહીને થોડા દિવસ શ્રીનાથજીનાં દર્શન અને સેવાનો લાભ લઉં.

આમ વિચારી તે શ્રીમદનમોહનજીને પધરાવી નાથદ્વારા આવી. દરરોજ શ્રીજીબાવાનાં દર્શન કરે છે. શાકઘરની સેવામાં હાથ પવિત્ર કરે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પણ સવાર-સાંજ સારી રીતે કરે છે.

એક દિવસ તે શાકઘરમાં સેવા કરતી હતી. સાંજ પડવા આવી. શ્રીજીબાવાને ત્યાં ઉત્થાપનનો સમય થયો. શંખનાદ થયો. બ્રાહ્મણી ઊઠીને પોતાના મુકામ ઉપર જવા લાગી.

'બાઈ, સેવા છોડીને ન જઈશ. તારી સેવા પૂરી કરીને જા.' શાકઘરિયાજીએ તેને રોકી.

'બાવા, મારે મારા ઠાકોરજીના ઉત્થાપન કરવાના છે, એટલે હું તો જઈશ જ.'

'અરે, તારે ઘેર એવી કઈ સાત સ્વરૂપની નિધિ બિરાજે છે કે અહીંથી શ્રીજીબાવાની સેવા છોડીને જાય છે?'

'અરે, નિધિ બિરાજતી હોય તો પણ તારે શું?' આમ કહીને તે બાઈ તો ધરાર ચાલી ગઈ.

એ બ્રાહ્મણીના બોલવા ઉપરથી શાકઘરિયાજીને શંકા પડી : આની પાસે જરૂર કોઈ નિધિસ્વરૂપ બિરાજતું હોવું જોઈએ. મદનમોહનજી વર્ષો પહેલાં ચોરીમાં પધાર્યા હતા તે વાત તેમને યાદ આવી. તરતજ તેઓ તિલકાયત શ્રીદાઉજી મહારાજ પાસે ગયા. તેમને બધી વાત કરી અને કહ્યું : મહારાજ, કદાચ આપણને આ ડોકરી પાસેથી મદનમોહનજીનો પત્તો લાગી પણ જાય.



સિંધની બ્રાહ્મણીના મુકામ ઉપર શ્રીઠાકોરજીનાં દર્શન
કરવા પધારેલા તિલકાયત શ્રી દાઉજી મહારાજ.



તિલકાયત શ્રી દાઉજી મહારાજ શ્રીહરિરાયજીને ખિમનોરથી
નાથદ્વારા પધરાવી શ્રીમદનમોહનજીનાં દર્શન કરાવે છે.

શ્રીદાઉજી મહારાજ તે જ સમયે અપરસ કરી, શાકઘરિયાજીને સાથે લઈ એ વૃદ્ધાના મુકામ ઉપર પધાર્યા. ખવાસે બારણું ખખડાવ્યું. બ્રાહ્મણી બહાર આવી. દાઉજી મહારાજને જોતાં જ તેણે આપશ્રીને દંડવત્ કર્યા. આપશ્રીએ આજ્ઞા કરી: ‘હમ તો તેરે શ્રીઠાકુરજીકે દર્શન કરને આયે હૈ.’

‘બહોત અચ્છો મહારાજ, આપ અંદર પધારિયે.’

‘કૌનસો સમય હૈ?’

‘પ્રભુને ઉત્થાપનભોગ ધર્યો છે. સમય થયે ભોગ સરાવી હું આપને દર્શન કરાવીશ.’

શ્રી તિલકાયત મહારાજે કહ્યું : ‘અમે અપરસ કરીને જ આવ્યા છીએ. સમય થયે અમે જ ભોગ સરાવીશું. તમે અમારી સાથે અહીં જ બેસો.’ આપશ્રીએ બ્રાહ્મણીને અંદર જવા ન દીધી. સમય થયે પોતે અંદર પધાર્યા. ભોગ સરાવ્યા. દર્શન કરતાં લાગ્યું કે શ્રીમદનમોહનજીના સ્વરૂપ વિશે જે કાંઈ સાંભળ્યું હતું તેવું જ આ સ્વરૂપ છે. બ્રાહ્મણીને પૂછે છે : ‘યે ઠાકુરજી તો હમારે હૈ. સો તેરે પાસ કહાંસે આયે?’

‘મહારાજ, તમારામાંથી જ કોઈએ ઘણા વર્ષો પહેલાં મને પધરાવી દીધા છે. હું તમને એ બાળકનું નામ નહિ આપું. પણ જો આ તમારી નિધિ હોય તો તમે પધરાવી લો અને નહિતર મને એમની સેવા કરવા દો.’

શ્રીદાઉજી મહારાજે એક ઘોડેસ્વારને ખીમનૌર મોકલ્યો. શ્રીહરિરાયજી તે સમયે ખીમનૌર બીરાજતા હતા. શ્રીહરિરાયજી પધાર્યા એટલે દાઉજી મહારાજે તેમને બધી વાત કરી. શ્રીમદનમોહનજીનાં દર્શન કરાવ્યાં.

શ્રીહરિરાયજીએ દર્શન કરીને આજ્ઞા કરી : ‘હા હા, આ એ જ શ્રીમદનમોહનજીનું સ્વરૂપ છે. અમે ગોકુળમાં તેમનાં દર્શન કર્યાં હતાં.’

ખાત્રી થતાં દાઉજી મહારાજે શ્રીમદનમોહનજી અને શ્રીસ્વામિનીજીને પદરાવી લીધાં. પંચામૃત સ્નાન કરાવીને શ્રીનવનીતપ્રિયજીની પાસે પધરાવ્યાં. શાકઘરિયાજીને વધાઈમાં સોનાનાં કડાં અને સરપાવ આપ્યો.



શ્રીમદનમોહનજી મંદિર, કામવન

શ્રીઘનશ્યામજીના વંશના શ્રીઉપેન્દ્રજી કામવન બિરાજતા હતા. તેમને વધાઈ મોકલવામાં આવી. તેઓ પધાર્યા ત્યાં સુધી શ્રીમદનમોહનજી અને સ્વામિનીજી શ્રીનવનીતપ્રિયજીની સાથે બિરાજ્યા. પછી શ્રીઉપેન્દ્રજી શ્રીઠાકોરજીને કામવન પધરાવી ગયા. લગભગ ૬૦ વર્ષ પછી શ્રીઠાકોરજી પોતાને ઘેર પાછા પધાર્યા. શ્રીઉપેન્દ્રજીના મોટાભાઈ શ્રીકાન્તજી બહારગામ બિરાજતા હતા. તેમને વધાઈ મળતાં તેઓ પણ કામવન પધાર્યા. માગશર સુદ પાંચમના દિવસે શ્રીમદનમોહનજીનો પાટોત્સવ મનાવવામાં આવ્યો. શ્રીસ્વામિનીજી અને શ્રીઠાકોરજી મળતાં સર્વત્ર જયજયકાર થયો. શ્રીગુસાંઈજીના સાતમા લાલજીનું સાતમું ઘર આ રીતે શ્રીઠાકોરજી પધારતાં ઉદય પામ્યું અને આનંદમંગલ વ્યાપી ગયો.

તે સમયથી આજ સુધી શ્રીમદનમોહનજી અને બંને શ્રીસ્વામિનીજી કામવનમાં બિરાજે છે. ત્યાં આપશ્રીનું વિશાળ મંદિર છે. સપ્તમ પીઠાધીશ પૂ. ગો. શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રી તેમની સેવા કરી રહ્યા છે.

મિત્રો, કામવન જાઓ ત્યારે શ્રીમદનમોહનજીનાં દર્શન કરવા જરૂર જજો. શ્રીચંદબાવાનુ અને તેમનું મંદિર બાજુબાજુમાં જ આવેલું છે.

સરનામું : શ્રીમદનમોહનજી મંદિર, સપ્તમપીઠ, પો. કામા (જિ. ભરતપુર)

૩. સપ્તમકુમાર શ્રીઘનશ્યામજી

શ્રીગુસાંઈજીના સપ્તમ લાલજી શ્રીઘનશ્યામજીનું પ્રાકટ્ય સં. ૧૬૨૮માં કારતક વદ તેરસે ગોકુળમાં થયું હતું. તેઓ શ્રીગુસાંઈજીનાં બીજાં વહુજી શ્રીપદ્માવતીજીના પુત્ર હતા. શ્રીપદ્માવતીજી શ્રીઘનશ્યામજીની નાની વયમાં લીલામાં પધાર્યાં. તેથી શ્રીગિરિધરજી અને તેમનાં વહુજી શ્રીભામિની વહુજીએ તેમનું લાલનપાલન કર્યું. તેઓ ખૂબ સ્નેહથી શ્રીઘનશ્યામજીને રાખતા, છતાં તેઓ પોતાનાં માતુશ્રીનો વિરહાનુભવ કરતા. સંવત ૧૬૩૫માં તેમના યજ્ઞોપવિત સંસ્કાર ગોકુળમાં થયા.

તેમણે નાની ઉંમરમાં સર્વ વિદ્યાભ્યાસ પૂર્ણ કર્યો. તેમનું લગ્ન શ્રીકૃષ્ણાવતી વહુજી સાથે ગોકુળમાં થયું. તેમને બે પુત્રો શ્રીવ્રજપાલજી અને શ્રીગોપેન્દ્રજી તેમજ એક બેટીજી હતાં. શ્રીગોપેન્દ્રજી સંપ્રદાયમાં ચાચા ગોપેશજીના નામથી પ્રસિદ્ધ છે.



સપ્તમકુમાર શ્રીઘનશ્યામજી

તેમણે શ્રીમહાપ્રભુજીકૃત 'મધુરાષ્ટક' સ્તોત્ર ઉપર તેમજ શ્રીગુસાંઈજીકૃત 'ગુપ્તરસ' ગ્રંથ ઉપર સંસ્કૃતમાં ટીકા લખી છે. ઘરમાં તેમને સૌ 'પ્રાણવલ્લભ' કહી બોલાવતા. તેઓ શ્રીઠાકોરજીના ષડ્ ઐશ્વર્યમાં વૈરાગ્યનું સ્વરૂપ હતા.

શ્રીગુસાંઈજીએ તેમના માથે શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેઓ શ્રીમદનમોહનજીની સેવા ખૂબ પ્રેમપૂર્વક કરતા હતા. પરંતુ શ્રીમદનમોહનજી ચોરીમાં પધારતા, શ્રીઠાકોરજીના વિરહમાં વિરહના પદો ગાઈ તેમણે દિવસો વિતાવ્યા. ભોંયરામાં બિરાજી, પ્રભુનો વિયોગાનુભવ કરતાં કરતાં સં. ૧૬૬૯માં લીલાપ્રવેશ કર્યો. તે સમયે આપની ઉંમર માત્ર ૪૧ વર્ષની હતી.

૪. શ્રીઘનશ્યામજીની વધાઈ

પ્રકટ ભયે સદન દુઃખ દવન વિઠ્ઠલેશકે સાતમેં સુવન ઘનશ્યામ અભિરામ ।
કૃષ્ણ તેરસ માસ સુભગ માર્ગશીર્ષ નામ મધ્ય પદ્માવતી કૂખ સિરનામ ॥૧॥
ભયો દિશ વિદિશ આનંદ અતિ રસ છાયો ગયો દુઃખ ભાજ મન ભયે પૂરણકામ ।
કહા કહો સુયશ મુખ એક રસના કરી રસિકકો દાસ નિત્ય કરત પરણામ ॥૨॥

૫. રાસલીલાનાં ઘોળ

સખી શરદપૂનમની રાત રે

સખી શરદપૂનમની રાત રે, સુંદર વેણ વાજે, વેણ વાજે.
મારો વ્હાલોજી રમીયા રાસ રે, સુંદર વેણ વાજે, વેણ વાજે. (૧)
એના ઘુંઘરવાળા કેશ રે, સુંદર વેણ વાજે, વેણ વાજે,
મારો વ્હાલોજી નટવર વેશ રે, સુંદર વેણ વાજે, વેણ વાજે. (૨)
ગોપી અતિ ઉતાવળાં આવે રે, સુંદર વેણ વાજે, વેણ વાજે,
એ તો આવી ને ચરણે લાગે રે, સુંદર વેણ વાજે, વેણ વાજે. (૩)
શ્રી 'વલ્લભ' પ્રભુની પ્રીત રે, સુંદર વેણ વાજે, વેણ વાજે,
અમને રાસ રમાડ્યા રંગ રીત રે, સુંદર વેણ વાજે, વેણ વાજે. (૪)

સાખી

કેમ આવ્યા તમે કામિની, એમ બોલ્યા નંદકિશોર,
અર્ધ નિશાએ વનમાં, જે વેળાએ ચાલે ચોર રે.
કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં. (૫)

આ વનમાં તે શું છે કામ રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં,
એમ બોલ્યા તે સુંદર શ્યામ રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં. (૬)
તમે ઘેર જાઓ ગોપીઓ ઘટે રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં,
તમે વેગે જાઓ વેળા તો વટે રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં. (૭)
આ ધર્મ તમારો ભાગે રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં,
સખી લોકમાં તે લાંછન લાગે રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં. (૮)
શ્રી 'વલ્લભ' પ્રભુજી એમ કહે રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં,
સુણી સ્નેહ નીરધારા વહે રે, કામિની કેમ આવ્યાં કેમ આવ્યાં. (૯)

સાખી

તમે ત્રિભુવન તેડાવીને તજાવીયો સંસાર,
તમે રે વનમાં તેડાવીને, હવે કરો છો તિરસ્કાર રે.
નંદજીના નંદલાલા, નંદલાલા. (૧૦)
તમારી ચાલ દેખીને હું તો છકી રે, નંદજીના નંદલાલા, નંદલાલા,
મારે વ્હાલું નથી કોઈ તમ થકી રે, નંદજીના નંદલાલા, નંદલાલા. (૧૧)
અમે તજી છે કુળની લાજ રે, નંદજીના નંદલાલા, નંદલાલા,
મારા વ્હાલાજી ચતુર સુજાણ, નંદજીના નંદલાલા, નંદલાલા. (૧૨)
આપ્યાં આનંદ રસનાં દાન રે, નંદજીના નંદલાલા, નંદલાલા,
શ્રી 'વલ્લભ' પ્રભુજીએ ચરણે રે, નંદજીના નંદલાલા, નંદલાલા. (૧૩)
અમે આવ્યાં તમારે શરણે રે, નંદજીના નંદલાલા, નંદલાલા. (૧૪)

સાખી

વચન સુણી વ્રજનારનાં, થેઈ થેઈ રમીયા રાસ,
રૂમ ઝુમ વાગે ઘુઘરા, વ્રજસુંદરીની પુરી આશ રે.
ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૧૫)
ફરતાં કામિની વચ્ચે વનમાળી રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી,
સખી અન્યોન્યલે છે તાળી કે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૧૬)
ત્યાં જોવાને દેવતા આવ્યા રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી,
લઈ પુષ્પે પ્રભુને વધાવીયા રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૧૭)

શ્રીયમુનાજી વહે છે ગંભીર રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી,
રહ્યો ચંદ્રમા શરદનો સ્થિર રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૧૮)
મુખે તાથેઈ તાથેઈ બોલે રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી,
સહુ સુંદરીને સંગે ડોલે રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૧૯)
કોઈ સખીનો અધર રસ ઘુંટે રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી,
વ્રજ વનિતા અમૃત રસ લૂંટે રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૨૦)
વ્રજ 'વલ્લભ' પ્રભુને જોઈને રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી,
મારૂં મનડું રહ્યું છે મોહી રે, ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૨૧)

સાખી

ધન્ય ધન્ય વ્રજની ભૂમિકા, ધન્ય ધન્ય વ્રજની નાર,
શ્યામ સંગ ક્રીડા કરે, શું વર્ણવું લીલા અપાર રે.
ગિરિવર ગિરિધારી, ગિરિધારી. (૨૨)

બજત કુંજ મેં

(રાસલીલામૃત શ્લોક)

બજત કુંજ મેં મંજુ બાંસુરી, બ્રજવધૂ બંધી પ્રેમ ગાંસરી,
ઘર તજ્યો ગઈ કૃષ્ણ પાસરી, શરદ ચંદ કીનો ઉજાસરી. (૧)
હરિ કીયો જબે મંદ હાસરી, નિરખિરે ભયો તાપ નાસરી,
સુમન કુંજ રાજે વિકાસરી, ભ્રમર પુંજ ગુંજે સુવાસરી. (૨)
ગુન ભરી તિયા રૂપરાસરી, પુનિ પ્રબીન હૈ પ્રેમ રાસરી,
અતનુમોદભાવ પ્રકાસરી, મિલ ગુપાલ કીનેં વિલાસરી. (૩)
મદગુમાન હી જાન તાસુરી, હૃદયમેં છિપે શ્રીનિવાસરી,
બિરહ જાત બાઢ્યો હુતાસરી, તરુલતાન પૂછે ઉદાસરી. (૪)
સઘન કુંજ કીની તલાસરી, ગુન કથા રચી યાહિ આસરી,
ભરત નૈન ઊંચે ઉચાસરી, કરિ કૃપા મિલે પીત વાસરી. (૫)
બદન કંજ હે ચારુ હાસરી, મદન માન જાતેં નિરાસરી,
કર ગહે જુરી આસ - પાસરી, ભરત અંક બાઢ્યો હુલાસરી. (૬)

અધર પાન કીને હુ પ્યાસરી, મિટત નાંહિ જૈસે ઉપાસરી,
લિપટ શ્યામસૂં ઐસી ભાસરી, ઘન સુદામિની ભાદ્ર માસરી. (૭)
કરત કૃષ્ણ કે સંગ રાસરી, સરસ રાગ ગાવેં ખુલાસરી,
સુરજુ સપ્ત નીકે નિકાસરી, મુરજ બીન બાંજે મિઠાસરી. (૮)
બજત મંજુ મંજીર લાસરી, નચત મોર છાંડે અવાસરી,
સુર વિમાન છાયે અકાસરી, પરત પુષ્પ વૃષ્ટિ તહાંસરી. (૯)
કટ ગઈ તબે ગેહ ફાંસરી, હટ ગયો જુ સંસાર ત્રાસરી,
ચરન માંઝ દીજે નિવાસરી, સરન 'ગોકુલાધીશ' દાસરી. (૧૦)

શ્રી સાત સ્વરૂપનું ધોળ

રચયિતા : શ્રી જયંત જી. ગાંધી (જૂનાગઢ) 'કુસુમાયુધ'

(મહારાણીજીનાં પાન, કરને તું પ્રાણી રે.... એ ઢાળમાં)

શ્રીજીનાં સ્વરૂપ, સાતે સુખદાયી રે,
સાતે ગુસાંઈજીના સુત સેવ્ય... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (ટેક)
પ્રથમ મથુરેશજી પ્રભુ મોટા રે; એ તો બિરાજે રાજસ્થાન - કોટા રે;
એ શ્રીગિરિધરજી સેવ્ય સ્વરૂપ... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૧)
દ્વિતીય સ્વરૂપ શ્રીવિઠ્ઠલનાથરે; એ તો બિરાજે છે શ્રીનાથદ્વાર રે;
એ શ્રી ગોવિંદરાયજી સેવ્ય સ્વરૂપ... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૨)
તૃતીય સ્વરૂપ શ્રીદ્વારિકાધીશજી રે; એ તો બિરાજે શ્રી કાંકરોલી ધામ રે;
એ શ્રી બાલકૃષ્ણલાલજી સેવ્ય સ્વરૂપ... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૩)
ચતુર્થ સ્વરૂપ શ્રીગોકુલનાથ રે; એ તો બિરાજે ગોકુલગામ રે;
એ શ્રી ગોકુલનાથજી સેવ્ય સ્વરૂપ... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૪)
પંચમ સ્વરૂપ શ્રી ગોકુલચંદ્રમાજી રે; એ તો બિરાજે કામવન ધામ રે;
એ શ્રી રઘુનાથજી સેવ્ય સ્વરૂપ... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૫)
ષષ્ઠ સ્વરૂપ શ્રી બાલકૃષ્ણ લાલ રે; એ તો બિરાજે સુરત ષષ્ઠ પીઠ રે;
એ શ્રી યદુનાથજી સેવ્ય સ્વરૂપ... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૬)

સપ્તમ્ સ્વરૂપ શ્રી મદનમોહનજી રે; એ તો બિરાજે શ્રી કામવન ધામ રે;
એ શ્રી ઘનશ્યામજી સેવ્ય સ્વરૂપ... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૭)
સાતે સ્વરૂપોનું તેજ અનોખું રે; કોટિ - કુસુમાયુધ તેજ થી અદકું રે;
જેનાં દર્શનથી જીવન આ ધન્ય... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૮)
જે શ્રી સાત સ્વરૂપ - ધોળ ગાશે રે; તેના અંતરના તાપ નાસે રે;
તેના મનના મનોરથ ફળશે... શ્રીજીનાં સ્વરૂપ સાતે સુખદાયી રે. (૯)

॥ શ્રી સાતે સ્વરૂપ કી જય ॥

શ્રીગુસાંઈજીના સાત બાળકોનાં સાત ઘર અને સાતે ઘરના નિધિસ્વરૂપો

	બાળકનું નામ	સ્વરૂપ	હાલ ક્યાં બિરાજે છે
પ્રથમ ઘર	શ્રીગિરિધરજી	શ્રી મથુરાનાથજી	કોટા, રાજસ્થાન
બીજું ઘર	શ્રીગોવિંદરાયજી	શ્રી વિઠ્ઠલનાથજી	નાથદ્વારા, રાજસ્થાન
ત્રીજું ઘર	શ્રીબાલકૃષ્ણજી	શ્રી દ્વારિકાધીશજી	કાંકરોલી, રાજસ્થાન
ચોથું ઘર	શ્રીગોકુલનાથજી	શ્રી ગોકુલનાથજી	શ્રીમદ્ ગોકુલ, ઉ.પ્ર.
પાંચમું ઘર	શ્રીરઘુનાથજી	શ્રી ગોકુલચંદ્રમાજી	કામવન, રાજસ્થાન
છઠ્ઠું ઘર	શ્રીયદુનાથજી	શ્રી બાલકૃષ્ણલાલજી	સુરત, ગુજરાત
		શ્રી કલ્યાણરાયજી	વડોદરા, ગુજરાત
		શ્રી મુકુંદરાયજી	કાશી, ઉ.પ્ર.
સાતમું ઘર	શ્રી ઘનશ્યામજી	શ્રી મદનમોહનજી	કામવન, રાજસ્થાન

શ્રી હરસાનીજી બાલ-યુવા સન્માન પારિતોષિક સ્પર્ધાઓ - ૨૦૦૭

આ સ્પર્ધાઓના આયોજન વિશે વિગતવાર માહિતી ‘બાલપુષ્ટિ’ના સપ્ટેમ્બર માસના અંકમાં પ્રકાશિત થઈ છે. સ્પર્ધામાં ભાગ લેવા માટેનું ફોર્મ પણ તે અંકમાં છેલ્લે આવેલું છે.

તમે ફોર્મ ભરીને મોકલ્યું? ન મોકલ્યું હોય તો આ અંક મળેથી તરત જ મોકલી આપશો. જેથી ઓક્ટોબરની ૩૧ તારીખ સુધીમાં અમને મળી જાય. આ સ્પર્ધાઓ તમારા માટે જ છે. સ્પર્ધાઓમાં ભાગ લઈ તમારા પુષ્ટિજ્ઞાનને વિકસવાની તક આપો.

તમે સુંદર રાગથી તાલબદ્ધ રીતે કીર્તન ગાઈ શકો છો? ચિત્રો દોરી શકો છો? અંગ્રેજી ભાષામાં છટાદાર રીતે તમારા વિચારો રજૂ કરી શકો છો? તો આ સ્પર્ધાઓમાં ભાગ લો અને તમારી કલાઓને વિકસવાની તક આપો. મોટી સંખ્યામાં ભાગ લઈ સ્પર્ધાઓને સફળ બનાવો. માત્ર પારિતોષિક મેળવવા નહિ પણ તમારામાં રહેલી શક્તિઓને બહાર લાવવા સ્પર્ધાઓમાં ભાગ લો. પ્રયત્ન કરતાં કરતાં સફળતા જરૂર પ્રાપ્ત કરી શકાશે.

સ્પર્ધાઓ તા. ૦૨-૧૨-૦૭ને રવિવારે અમદાવાદમાં શ્રીવલ્લભસદન ખાતે યોજાશે. વિજેતા સ્પર્ધકોનો પારિતોષિક વિતરણ સમારંભ સ્પર્ધાઓ પૂર્ણ થયા બાદ બપોરે ૪-૦૦ કલાકે પૂ. ગો. ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદયશ્રી (કાંકરોલી, વડોદરા)ના અધ્યક્ષપદે યોજાશે. આ સમારંભમાં ધો-૧૦ અને ૧૨ના પ્રથમ ત્રણ ક્રમાંકના વિદ્યાર્થીઓને ‘શ્રી રમેશભાઈ પરીખ સ્મૃતિ પારિતોષિકો’ પણ અર્પણ થશે. જેમનાં નંબર આવ્યા છે. તેમને અલગ પત્રથી જાણ કરવામાં આવશે. તેઓને આ સમારંભમાં ઉપસ્થિત રહેવા અને પૂજ્ય શ્રી વલ્લભકુલના વરદહસ્તે પુરસ્કાર તથા આશીર્વાદ પ્રાપ્ત કરવા આમંત્રણ છે.

સૌને દિવાળી અને નૂતન વર્ષની અનેક શુભેચ્છાઓ સાથે.

વસંતબેનના
સપ્રેમ જયશ્રીકૃષ્ણ અને આશીર્વાદ

ભેટપુસ્તકના મનોરથી

શ્રી બિપીન જે. શાહ (પુના)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. રોહિતદાસ જી. શાહ, હ. હિતેષ ડી. શાહ (દાહોદ)ના જયશ્રીકૃષ્ણ.

ભૂપેન્દ્ર સી. દેસાઈ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. દિનેશભાઈ જયંતિભાઈ દેસાઈ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

ચંદ્રિકાબેન ગોવિંદભાઈ શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

તરુબેન કે. તલાટી (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ.

મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

એક વૈષ્ણવ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

સોની નીરબેન મનોજભાઈ ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સોની ઘટાબેન મનોજભાઈ ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સોની નીતા મનોજકુમાર ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સોની મનોજ કાન્તિલાલ ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સોની ધરાબેન નલિનભાઈ ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સોની કેલવભાઈ નલિનભાઈ ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સોની નીલા નલિનકુમાર ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સોની નલિન દ્વારકાદાસ ધીણોજા (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

ડૉ. રેશ્માબેન ડાહ્યાલાલ જીમુલીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મંછાબેન જીવણલાલ બરછા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રી યમુના સત્સંગ મંડળ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

લીલાબેન રસિકલાલ કોઠારી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

રાધિકાબેન જયંતિલાલ મોરજરીયા (યુ. કે., લંડન)ના જયશ્રીકૃષ્ણ.

ભેટપુસ્તકના મનોરથી

ડો. રેશ્માબેન ડાહ્યાલાલ જીમુલીયા (યુ. કે., લંડન)ના જયશ્રીકૃષ્ણ.

રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (બાલસિનોર, મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

પ્રેમીલાબેન રમેશચંદ્ર દેસાઈ (બાલાસિનોર, મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

રમાકાંત ચુનીલાલ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. જપબેન રમાકાંત શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

પંકજ આર. પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

એક વૈષ્ણવ (ગોધરા)ના જયશ્રીકૃષ્ણ.

માલતીબેન ચંદ્રકાંતભાઈ પટેલ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

સુરેશભાઈ કોટેચા (લંડન, યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. કપિલાબેન અરવિંદભાઈ શાહ,
હ. એ. સી. શાહ (ગાંધીનગર)ના જયશ્રીકૃષ્ણ.

પ્રિયેશ, કૃપા, મીલન તથા પરમ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. હીરાલક્ષ્મીબેન અનંતરાય સંઘવી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

વેલબાઈ ઘેલાભાઈ લદઘડ (હુબલી)ના જયશ્રીકૃષ્ણ.

નાયશા, ખુશ, જસ, ભવ્ય, વિરાજ, જાનવી, પંકિત (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

નિતિનભાઈ ઠક્કર, જગદીશ ફુડ પ્રા. લી. (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રી અરવિંદભાઈ એચ. મહેતા (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

મધુકાંતાબેન નવનીતલાલ મોદી (ચૌધરી) (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ભારતીબેન રણછોડભાઈ ઠક્કર (વિસનગર)ના જયશ્રીકૃષ્ણ.

એ. ડી. ભાવસાર (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

જશુમતીબેન સુરેશચંદ્ર શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

દ્વારા પ્રકાશિત હાલ મળતાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂા.
વ્રજ મેરે મન ભાયી	૩૫૦/-
શ્રીનામરત્નાખ્ય સચિત્ર	૧૫૦/-
વ્રજદેશ ગિરિરાજ રાજે	૩૦/-
ધોળ પદ કીર્તન સુમન	૬૦/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૧	૪૫/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૨	૪૫/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૩	૪૫/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૪	૩૦/-
ષોડશગ્રંથ (સાર્થ)	૧૫/-
આનંદનો આવિષ્કાર ભાગ-૧	૫૦/-
આનંદનો આવિષ્કાર ભાગ-૨	૪૦/-
આનંદનો આવિષ્કાર ભાગ-૩	૪૦/-
આનંદનો આવિષ્કાર ભાગ-૪	૪૦/-
શ્રીવલ્લભસ્ય હિતમ્ વચઃ	૪૦/-
પુષ્ટિમાર્ગની પગદંડી	૪૦/-
શ્રીયમુનાષ્ટકમ્નું રસપાન	૫૦/-
શ્રીભાગવતામૃત : ભાગ - ૧	૨૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૧	૫૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૨	૫૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૩	૫૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૪	૫૦/-
તુલસીક્યારો ભાગ-૧	૫૦/-
તુલસીક્યારો ભાગ-૨	૩૦/-
તુલસીક્યારો ભાગ-૩	૩૦/-
તુલસીક્યારો ભાગ-૪	૩૦/-
તુલસીક્યારો ભાગ-૫	૩૦/-
તુલસીક્યારો ભાગ-૬	૩૦/-
તુલસીક્યારો ભાગ-૭	૩૦/-
તુલસીક્યારો ભાગ-૮	૫૦/-
તુલસીક્યારો ભાગ-૯	૨૦/-
તુલસીક્યારો ભાગ-૧૦	૨૦/-
તુલસીક્યારો ભાગ-૧૧	૨૦/-
નંદનંદનકે પ્યારે	૨૦/-
ગોઠડી ગોવિંદની	૨૦/-
શ્રીવલ્લભનું વસિયતનામું	૨૫/-
મુલાકાત મહાનુભાવોની ભાગ-૨	૪૦/-
કરિયે શ્રીસર્વોત્તમ રસપાન ભાગ-૧	૩૦/-
કરિયે શ્રીસર્વોત્તમ રસપાન ભાગ-૨	૩૦/-

પુસ્તકનું નામ		ન્યો. રૂા.
શ્રીબેઠક ચરિત્ર (સચિત્ર) ભાગ - ૧		૩૦/-
શ્રીબેઠક ચરિત્ર (સચિત્ર) ભાગ - ૨		૩૦/-
હમારો દેવ ગોવર્ધનરાનો		૩૦/-
શ્રીગોવર્ધનલીલાનું રહસ્ય		૧૦/-
શ્રીનાથજીના ધજાજી		૧૫/-
મૃત્યુ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ		૦૫/-
સુખદુઃખ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ		૦૫/-
હું કોણ? - પુષ્ટિમાર્ગીય જવાબ		૦૫/-
મોક્ષ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ		૦૫/-
મનની શાંતિ : પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ		૦૫/-
જીવન : પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ		૦૫/-
ગિરિરાજ ગુણગાન		૦૫/-
રંગીલા શ્રીનાથજી (અંગ્રેજી)		૨૦/-
મધુરા મહાપ્રભુજી (અંગ્રેજી)		૨૦/-
મહાનુભાવ સૂરદાસજી		૦૫/-
શ્રીકૃષ્ણાશ્રય		૧૦/-
: ઓડિયો કેસેટ :		
મંગલાચરણ અને નિત્યસ્મરણ	**રૂબરૂ**	૧૦૦/-
(ચાર કેસેટોનો સેટ)	**પોસ્ટથી**	૧૨૫/-
શ્રીયમુનાષ્ટકનું રસપાન	**રૂબરૂ**	૩૦૦/-
(બાર કેસેટોનો સેટ)	**પોસ્ટથી**	૩૫૦/-
શ્રીકૃષ્ણાશ્રય	**રૂબરૂ**	૩૨૫/-
(તેર કેસેટોનો સેટ)	**પોસ્ટથી**	૩૭૫/-
એકતાલીસ પદ રસાસ્વાદ	**રૂબરૂ**	૪૫૦/-
(અઢાર કેસેટોનો સેટ)	**પોસ્ટથી**	૫૦૦/-

● **સૂચના :** ● મહેસાણા કાર્યાલય જ પોસ્ટથી/પાર્સલથી મંગાવેલાં પુસ્તકો મોકલશે. ● બાકી બીજેથી માત્ર રૂબરૂમાં જ મળશે. ● ઉપર પૈકી જે પુસ્તકો જોઈતાં હોય, તેની કુલ રકમ મ.ઓ./ડ્રાફ્ટ/આંગડીયા દ્વારા મોકલવી. ● પુસ્તકો સાદા બુકપોસ્ટથી મોકલાશે. બુકપોસ્ટ ગેરવલ્લે જાય તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં. તે સંજોગોમાં સંસ્થા બીજી વખત પુસ્તકો નહીં મોકલે. ● રજિસ્ટર્ડથી મંગાવવા રજિ. ખર્ચના રૂા.૧૭/- વધુ મોકલવા. ● ડ્રાફ્ટ 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો મોકલવો. ● મહેસાણા કાર્યાલયનું સરનામું આ અંકના ટાઈટલ પેજ નં.૨ ઉપર છે. ● ઉપરની યાદી સિવાયનાં પુસ્તકો માટે પૂછપરછ કરવી નહીં. તે નહીં મળી શકે.